# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૫ : અંક–૧૭૨ વર્ષ - ૧૫ : જાન્યુઆરી–૨૦૧૨

## વીર સંવત ૨૪૯૨, વૈશાખ સુદ ૨, શુક્રવાર
## તા.૨૨-૦૪-૧૯૬૬. ઈષ્ટોપદેશ ગાથા–૨૯ ઉપર
## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, પ્રવચન નં. ૩૪



'ઈષ્ટોપદેશ' શાસ્ત્ર છે. 'પૂજ્યપાદસ્વામી' દિગંબર મુનિ થયા છે એમનું બનાવેલું 'ઈષ્ટોપદેશ' (અર્થાત્) આત્માને હિતકર ઉપદેશ (શાસ્ત્ર છે). ૨૯ મી ગાથા ચાલે છે. જુઓ!

**न मे मृत्युः कुतो भीतिर्न मे व्याधिः कुतो व्यथा।**
**नाहं बालो न वृद्धोहं, न युवैतानि पुद्गले।।२९।।**

શું કહે છે? કે ધર્માત્મા પોતાનું સ્વરૂપ અંદરમાં દેહથી અને પુણ્ય-પાપના રાગથી ભિન્ન સમજે છે. હું શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક આનંદ શુદ્ધ ધ્રુવ અજરઅમર અનાદિઅનંત ચૈતન્ય છું. એવી દષ્ટિ રાખનાર સમ્યગ્દષ્ટિ પોતાનું મૃત્યુ માનતા નથી. મૃત્યુ-જન્મ આદિ તો શરીરના ધર્મ છે. પુદ્ગલની પર્યાય, પુદ્ગલનો ધર્મ છે, એ આત્માનો ધર્મ નથી. શુદ્ધ અંતર્મુખ દષ્ટિનો વિષય આત્મા આનંદકંદ જ્ઞાનાનંદ પોતાનું નિજ સ્વરૂપ (છે) એવી જેને અંતરમાં દષ્ટિ થઈ એ કહે છે કે, **'एकोहं निर्ममः शुद्धः'**.

ટીકા, વિશદાર્થ છે. હું એક છું. હું એક છું નામ બધું મળીને એક નહિ, મારું સ્વરૂપ જ એક છે. અનંત જ્ઞાન, દર્શનથી ભરેલું **'एकोहं निर्ममः शुद्धः'**. મારી વસ્તુ પરના મમત્વના આગ્રહથી રહિત છે. રાગાદિ શુભભાવ કે અશુભભાવ કે શરીરની જડ આદિની જે ક્રિયા થાય છે તેનાથી **'ममः'** **'ममः'** નામ અભિનિવેશ, અભિનિવેશ નામ અભિપ્રાય–એ મારું છે અને હું એનો છું, એવા અભિપ્રાયથી ધર્માત્મા અંતરમાં પરથી શૂન્ય છે. **'ममः'** નહિ. એ રાગ, વિકલ્પ, શરીર, વાણી મારા નથી, તો એનું મૃત્યુ અથવા દેહ છૂટે તો મારું મૃત્યુ થયું એમ ધર્મી માનતા નથી.

શુદ્ધ છું. હું જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ એક સમયમાં નિર્મળ પર્યાય સહિત મારો સ્વભાવ શુદ્ધ છે. હું અનાદિઅનંત અમર છું. મારા સ્વરૂપમાં મૃત્યુ નથી. એ મૃત્યુનો અર્થ છે. **'न मे मृत्युः'**. સમજાય છે કાંઈ? 'આનંદઘનજી' કહે છે ને? કાલે આવ્યું હતું. 'અબ હમ અમર ભયે ન મરેંગે, યા કારણ મિથ્યાત્વ તજ્યો હમ, યા કારણ

મિથ્યાત્વ દિયો તજ, ક્યોં કર દેહ ધરેંગે, અબ હમ અમર ભયે ન મરેંગે, અબ હમ અમર ભયે ન મરેંગે, અબ હમ અમર ભયે ન મરેંગે, યા કારણ...' આ **'મમઃ'** શબ્દનો અર્થ છે. 'યા કારણ મિથ્યાત્વ દિયો તજ' એ **'નિર્મમઃ'** નો અર્થ છે. રાગ, વિકલ્પ, શરીર આદિ પર્યાય મારામાં ત્રિકાળમાં નથી. એવો જે અભિપ્રાય કે પુણ્ય-પાપના ભાવ, શરીર અને વાણી મારા છે એવા અભિપ્રાયને ભગવાન અભિનિવેશ–મિથ્યા અભિપ્રાય–મિથ્યાદર્શન–કહે છે. ધર્મીને આવા મિથ્યાદર્શનનો (અભાવ છે). શૂન્ય છે એમ પહેલા આવ્યું છે. શૂન્ય છે–મારામાં નથી. હું તો શુદ્ધ અમર ચિદાનંદ સ્વરૂપ છું.

'યા કારણ મિથ્યાત્વ તજ્યો હમ, ક્યોં કર ધરેંગે' દેહ ધરવાનું જ નથી. દેહનો જન્મ એ તો સંયોગી ચીજ છે. મારા સ્વરૂપમાં દેહ ધરવાનું નથી. એમ સમ્યગ્દષ્ટિ પોતાના આત્માને શુદ્ધ અખંડ આત્મા માને છે તો કહે છે કે, **'જિસકા સ્વસ્વરૂપ નિશ્ચિત હો ગયા હૈ,...'** સમજાય છે કાંઈ? બાળક હો કે વૃદ્ધ હો, નારકી હો કે પશુ હો, સમ્યગ્દષ્ટિ પોતાના સ્વરૂપમાં સંયોગી ચીજનો લેપ સંબંધ સ્વીકાર કરતા નથી. હું તો એક અખંડ જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય (છું). એવું **'જિસકા સ્વસ્વરૂપ નિશ્ચિત હો ગયા હૈ, ઐસા જો મૈં હૂં...' 'ઐસા જો મૈં હૂં...'** હું છું. અનંત જ્ઞાન, દર્શન, આનંદ એવું મારું સ્વરૂપ છે. **'ઉસકા પ્રાણત્યાગરૂપ મરણ નહીં હો સકતા,...'** ઇન્દ્રિયપ્રાણ, શ્વાસપ્રાણ, આયુષ્યપ્રાણ, શરીરપ્રાણ એ જડના પ્રાણ છે, મારા પ્રાણ જ નથી.

મારા પ્રાણ આનંદ, શાંતિ, જ્ઞાન અને સત્તા, સત્તા એવા માર પ્રાણ છે. અનાદિઅનંત હું ચૈતન્ય સ્વરૂપથી જીવનાર, જીવતરશક્તિથી સંપન્ન ભગવાન આત્મા છું. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિને–સત્યદષ્ટિને–મારા સ્વરૂપમાં પરના પ્રાણ જ નથી. તો પ્રાણના વિચ્છેદને મરણ કહે છે, મારામાં જડના પ્રાણ જ નથી તો તેના ઉચ્છેદ એવું મરણ મને કેમ હોય? કહો, સમજાય છે કાંઈ?

**'પ્રાણત્યાગરૂપ મરણ નહીં હો સકતા, કારણ કિ ચિત્શક્તિસ્વરૂપ ભાવપ્રાણોંકા કભી ભી વિછોહ નહીં સકતા.'** અહો..! હું તો જ્ઞાન, દર્શન, આનંદ એવી શક્તિ, એવો મારો સ્વભાવ, એનો આત્માથી વિછોહ–વિયોગ–અભાવ–કદી ત્રણકાળમાં થતો નથી. એવો મારો સ્વભાવ છે, એવો પોતાના સ્વભાવનો નિશ્ચય કર્યો છે. **'જબ કિ મેરા મરણ નહીં, તબ મરણકે કારણભૂત...'** જ્યારે મને મરણ, ભય નથી, કોનો ડર? હું એક શુદ્ધ ધ્રુવ ચૈતન્યધાતુ છું. મારા જ્ઞાન, આનંદ પ્રાણ મારી પાસે છે. જે શરીર આદિ પ્રાણ છે તેના ત્યાગથી મારું મરણ નથી. સમજાય છે કાંઈ?

મૃત્યુકાળે પણ ધર્મીને... 'સંસારી પ્રાણીને મરણ તણો ભય છે, મારે મન આનંદની લહેર છે' સમજાય છે કાંઈ? દેહ છૂટવાના કાળે પોતાનો સ્વભાવ પહેલેથી ભિન્ન સમજી લીધો છે, અનુભવ કરી લીધો છે. દુનિયાને મરણ તણો ત્રાસ છે, મારે મન આનંદની લહેર છે. આહાહા...! સમજાય છે કાંઈ? 'સંસારીને મરણ તણો ત્રાસ છે, સંસારીને મરણ તણો ત્રાસ છે, મારે મન આનંદની લહેર જો..' હું તો આત્મા આનંદ શુદ્ધ ચૈતન્ય છું. મારા સ્વભાવનો વિયોગ કદી થતો નથી. શરીરનો વિયોગ થાય તો પુદ્‌ગલની પર્યાય છે. તેનો વિયોગ તો સંયોગ છે તો વિયોગ થવાનો જ છે. એમાં મારા જન્મ ને મરણ નથી. જન્મ-મરણ મારામાં છે જ નહિ. એમ ધર્મી પોતાના ચૈતન્યસ્વભાવને જન્મ-મરણ રહિત અસંગ પોતાને જાણે છે અને પોતામાં એવો અનુભવ કરે છે.

કહે છે, મને મરણ નથી તો **'મરણકે કારણભૂત કાલે નાગ આદિકોંસે મુજે ભય ક્યોં?'** આહાહા..! કાળો નાગ, વાઘ અને સિંહ ખાવા આવે તો શું છે? કોણ ખાય? કોને ખાય? હું તો અરૂપી આનંદઘન છું. મારું ભક્ષણ કરનાર જગતમાં કોઈ ચીજ નથી. એવું મારું (સ્વરૂપ છે). મોટો સિંહ આવી જાય, ખાઓ! આહાહા..! સમજાય છે કાંઈ? અને કાળા નાગની અહીંયા આકરી ઉપમા આપી છે, ભાઈ! આકરો કાળો નાગ હોય આમ, લોકો એનાથી ડરે છે. કોનો ડર? પ્રભુ! તું તો ચૈતન્યધાતુ છો ને! અનાદિઅનંત શાશ્વત વસ્તુ છો ને! શાશ્વત વસ્તુનો ખંડ, છેદ, ભંગ કદી ત્રણકાળમાં થતો નથી.

એવા કાળા નાગથી પણ **'મુજે ભય ક્યોં?'** સમજાય છે કાંઈ?

'શ્રીમદ્' પણ 'અપૂર્વ અવસર' માં કહે છે ને?

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
એકાકી વિચરતો વળી સ્મશાનમાં
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો,
અડોલ આસન ને મનને નહિ ક્ષોભતા
પરમમિત્રનો જાણે પામ્યા યોગ જો
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

'શ્રીમદ્ રાજચંદ્ર'નો ૩૩ વર્ષે દેહ છૂટ્યો. એ પહેલા 'અપૂર્વ અવસર'ની ભાવનામાં એમ લીધું. સાત વર્ષની ઉંમરથી જાતિસ્મરણજ્ઞાન હતું. પછી આત્મજ્ઞાન થયું. તેંત્રીસ વર્ષે દેહ છૂટી ગયો. સમજાય છે કાંઈ? પહેલા ભાવના કરતા હતા. ગૃહસ્થાશ્રમમાં હતા, લાખો રૂપિયાનો મોતીનો વેપાર હતો. વેપાર વેપારના ઘેર રહ્યો.

પોતાનો આત્મા દેહથી જુદો, રાગથી જુદો, ચૈતન્ય પ્રભુ, એનું અંતરમાં ભાન, પ્રબોધ, બોધ, શાંતિ થઈ છે, તો કહે છે કે, અહો..! 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં' સ્મશાનમાં હું એકલો વિચરું. અને વાઘ અને પર્વતના સંયોગમાં, પર્વતના જંગલના સંયોગમાં વાઘ અને સિંહનો સંયોગ હો. અડોલ આસન-મારું મૃત્યુ નથી. મને ભય શેનો? સમજાય છે કાંઈ? અડોલ આસન. એ તો જડની પર્યાય છે. પણ મનમાં નહિ ક્ષોભતા. હું ચૈતન્યધાતુ આનંદકંદ અનાકુળ શાંતરસનો પિંડ છું. મને કોણ ભખે? અને મારો નાશ કોણ કરે? આવા અંતરના સ્વભાવની દષ્ટિવંત ધર્માત્મા કહે છે કે, વાઘ અને સિંહના સંયોગમાં... અહીં કહે છે ને, નાગના સંયોગમાં ભય નથી. સમજાય છે કાંઈ?

પોતાના શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા, અભિપ્રાયમાં અખંડાનંદનો અનુભવ થયો છે એને સમ્યગ્દષ્ટિ કહે છે. સમ્યગ્દષ્ટિ કાળો નાગ દેખે તો પણ એને ભય નથી. 'પરમમિત્રનો જાણે પામ્યા યોગ જો' આહાહા..! દેહ મારો નથી અને જેને દેહ જોઈએ છે એ લઈ જાઓ, લઈ જાઓ! આહાહા..! આનું નામ સમ્યગ્દર્શન છે. દેહની કોઈ ક્રિયા હું કરી શકું છું, દયા, દાનના પરિણામ મારા છે, એનાથી મને લાભ છે એ તો મૂઢ મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ, ચૈતન્યસ્વભાવી સૂર્ય, સમ્યક્ સ્વભાવ સૂર્ય વસ્તુ આત્મા છું, એમ અંતરમાં ભાન થયું તો કહે છે, કાળા નાગ આદિથી. આદિ નામ સિંહ, વાઘ (ખાવા આવે તો પણ) મને શેનો ભય? આહાહા..! આ નિર્ભય. નિઃશંક.. નિઃશંક! સમજાય છે કાંઈ? નિઃશંકતા છે, નિડર છે, દેહથી ભિન્ન આત્માને જોઈ લીધો છે. દેહથી ભિન્ન ધ્રુવતારાને જોઈ લીધો છે. દેહથી ભિન્ન શાશ્વત ચીજ, સમ્યગ્દષ્ટિને જાણવામાં, જ્ઞાનમાં અનુભવમાં આવી ગઈ છે. તેમને ભવનો ડર અને મૃત્યુનો ડર નથી. ભવ-ભય છે નહિ.

**'અર્થાત્ મૈં કિસીસે ભી નહીં ડરતા હૂં.'** મારા શુદ્ધ સ્વરૂપમાં કોઈ પરપદાર્થનો પ્રવેશ નથી અને હું કદી પરપદાર્થમાં પ્રવેશ કરતો નથી. 'નિર્જરા અધિકાર' માં આવે છે ને? ભાઈ! પ્રાણ ઉચ્છેદન, મરણનું નહિ? 'નિર્જરા અધિકાર'માં આવે છે, એ જ વાત અહીંયાં બીજી રીતે લીધી છે. પ્રાણનો નાશ થાય તો મારે શું? મારા ચૈતન્ય જીવનપ્રાણ જ્ઞાનથી, આનંદથી ભરેલો ચૈતન્યપ્રભુ, એ વસ્તુમાં કોઈનો (પ્રવેશ નથી). વિકલ્પ, પુણ્ય-પાપનો રાગ છે એનો પણ અંતર ધ્રુવ ચૈતન્યમાં પ્રવેશ નથી. પ્રવેશ નથી તો બીજો શું એને ખાય જાય ને કાપી નાખે? એમ ધર્મીને પોતાના સ્વરૂપનો નિડરભાવ હોય છે. સમજાય છે કાંઈ?

**'ઇસી પ્રકાર વાત, પિત્ત, કફ આદિકી વિષમતાકો વ્યાધિકો કહતે હૈં,...'** જુઓ! **'कुतो भीतिर्न मे व्याधिः'** મને વ્યાધિ નથી. અહો..! વ્યાધિ એ જડની પુદ્ગલની પર્યાય છે. શેઠ! આ માટી છે-ધૂળ છે. એની વ્યાધિ, રોગ જડની દશા છે. એ દશા પુદ્ગલની છે, મારામાં વ્યાધિ નથી. આહા..! સમજાય છે કાંઈ? મારામાં પુદ્ગલની પર્યાયની વ્યાધિનો અત્યંત અભાવ છે. હું કોઈથી (ભયભીત નથી).

**'વાત,...'** આ વા થાય છે ને? વા. ચાલી શકે નહિ. આમ આમ કરે. આમ રાડ નાખે છે. આ તો વાત એટલે આ સાંધા. વાત થાય છે ને? વા.. વા.

શું છે? ઉં..હું.. શું કરે છે? એ જડની પર્યાય તને અડી નથી. શરીરનો વા, જડની અવસ્થા આત્માને કદી અડી નથી. આત્મા જડની પર્યાયને કદી ત્રણકાળ ત્રણલોકમાં અડ્યો નથી. સમજાય છે કાંઈ? અરે.. આ..! અરે..! મરી ગયા રે..! કોણ મરી જાય? કોણ મરે? દેહ મરે? આત્મા મરે? કોણ મરે? દેહના રજકણ પણ શાશ્વત છે, ત્રિકાળ છે, એની પર્યાય પલટે છે. તું પણ શાશ્વત છો. તારી અવસ્થા પલટે છે. પણ અંતર સ્વભાવ સન્મુખ થા તો તારી દશા આનંદમય થાય છે. પર ઉપર, સંયોગ ઉપર લક્ષ હોય તો આકુળતાના, દુઃખના ઢગલા છે. સમજાય છે કાંઈ?

પહેલા એ આવી ગયું છે, ભાઈ! પોતાનો શુદ્ધ ચૈતન્ય ભગવાન ઉપર દૃષ્ટિ દેવાથી, સ્વભાવનો સંગ કરવાથી શાંતિ, આનંદ મળે છે. જેટલું પરસંયોગમાં લક્ષ જાય છે તેટલી આકુળતા, દુઃખનો સમૂહ ભોગવવો પડે છે. આહાહા..! એ પહેલા આવી ગયું છે. એ કેમ (બેસે)? જગતને અહીં પૈસામાં, ધૂળમાં, શરીરમાં મજા પડે છે. ધર્મીને આત્મામાં મજા છે, પરમાં આનંદ માનતા નથી. કરોડ, અબજો કે પાંચ-પચાસ લાખ કે કરોડ હો, ધૂળ છે. શરીર ધૂળ છે એ મારું નથી ત્યાં એ ચીજ મારી ક્યાંથી થઈ?

કહે છે કે, વાતની પીડા નથી. ક્યારે? અત્યારે. આત્મામાં વાત પીડા છે જ નહિ ને, ભગવાન! એ તો દેહની પર્યાય છે ને. આ બોલાય છે એ જડની અવસ્થા છે. આત્મા બોલતો જ નથી. આત્મામાં ક્યાં રજકણ પડ્યા છે? અંદર અવાજ ઉઠે છે એ આત્મામાં છે કે અવાજ ઉઠે? આહાહા..! એ તો જડની ધ્વનિ, શબ્દની ધ્વનિ ઉઠે છે. એ આત્મામાં નથી. મારામાં વાત નથી.

પિત્ત નથી. પિત્તનો પ્રકોપ થાય છે ને ગરમીમાં? બહુ પિત્ત થયું છે. ભગવાન! તું તો અરૂપી છો ને! પ્રભુ! તારામાં તો શાંતિ પડી છે ને! શાંતિમાં પિત્તનો પ્રકોપ ક્યાંથી આવ્યો? શાંતિમાં પિત્તનો પ્રકોપ ક્યાંથી આવ્યો? ભગવાન આત્મા શાંતિનું સરોવર, સાગર છે એવી દૃષ્ટિમાં પોતામાં પિત્ત થયું છે એમ ધર્મી માનતો નથી. સમજાય છે કાંઈ? શરીરથી ભિન્ન મારી વસ્તુ છે તો શરીરની જેટલી પર્યાય છે એ બધી પુદ્‌ગલની છે, મારામાં નથી.

કફ. લ્યો! શ્વાસ જડ છે, માટી છે. એને કારણ એ ગતિ કરે છે. ઊંચું નીચું થાય છે. આત્મા શ્વાસને હલાવતો નથી. આત્મા શ્વાસ લેતો નથી, આત્મા શ્વાસ છોડતો નથી, આત્મા શ્વાસ બંધ કરતો નથી. એ તો જડની પર્યાય છે. આહાહા..! એ પિત્ત અને કફ. શ્વાસમાં (કફ) અટકે ને? શું છે? એ કાંઈ ચૈતન્યમાં નથી, એ તો પુદ્‌ગલની પર્યાય છે. ધર્મી સમ્યક્ સત્ય દૃષ્ટિવંત જડની કોઈપણ પર્યાયને પોતાની પર્યાયમાં માનતા નથી. પોતામાં માનતા નથી તો એનું દુઃખ મને છે, એમ કદી થતું નથી.

**‘કફ આદિ...’** આદિમાં આ કેન્સર થાય છે. સમજ્યા? ભગંદર થાય છે, કંઠમાળ થાય છે. આવા આવા રોગ થાય છે. એકદમ રગ તૂટી જાય છે. રક્ત નીકળે છે. લોહી.. ખૂન. હમણા ગુજરી ગયા ને પરમ દિ’? હેમરેજ. પરમ દિ’. પાંત્રીસ વર્ષનો જુવાન. માસ્તર, પાંત્રીસ વર્ષનો. બે મિનિટમાં (ગુજરી ગયો). એ દેહની અવસ્થા છે, ભગવાન! દેહની અવસ્થા જ્યારે પૂરી થવાની છે ત્યારે પૂરી થયા વિના રહેતી નથી. ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર આવે તો પણ રોકી શકે નહિ. કહે છે કે, કફ આદિની પીડા મારામાં નથી. સમજાય છે કાંઈ?

**‘કફ આદિકી વિષમતાકો વ્યાધિ કહતે હૈં, ઔર વહ મુજે હૈ નહીં, કારણ કિ વાત આદિક મૂર્તપદાર્થસે સમ્બંધ રખનેવાલે હૈં.’** એનો રજકણ સાથે સંબંધ છે. આહાહા..! એ રોગનો સં-બંધ, સં-બંધ રજકણ સાથે છે. મારી સાથે સં-બંધ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? **‘જબ ઐસા હૈ, તબ જ્વર આદિ વિકારોંસે મુજે વ્યથા તકલીફ કૈસી?’** બીજો શબ્દ નાખ્યો. બુખાર.. બુખાર. ૧૦૫ ડિગ્રી, છ ડિગ્રી થાય તો.. આહા..હા..! આમ ધાણી ફૂટે એવો તાવ આવે, એમ આપણે કહે છે ને? ધાણી ફૂટે એવો તાવ. ભાઈ! એ તો જડની પર્યાય છે. પ્રભુ! તને આત્માની ખબર નથી. સમજાય છે કાંઈ? એ બધી જડની દશા છે. ભગવાન આત્મા પરથી જુદો છે એવું ભાન કર્યા વિના એના જન્મ-મરણના અંત કદી નહિ આવે. ત્રણકાળ ત્રણલોકમાં આત્મા

પરથી જુદો, વિકલ્પથી જુદો શાંત આનંદસ્વરૂપ છે, એવી દૃષ્ટિ કર્યા વિના, આત્મજ્ઞાન વિના જન્મ-મરણના અંત આવતા નથી. અને આત્મજ્ઞાન થયું તો પછી મને વ્યાધિ નથી. એ પુદ્ગલની છે, મારામાં છે જ નહિ. આહાહા..!

પાંચ ડિગ્રી તાવ હોય ને સામાયિક કરવી હોય, ધ્યાન કરવું હોય તો ન થઈ શકે. શું એ જડની પર્યાય તને રોકે છે? સમજાય છે કાંઈ? સાતમી નરકનો નારકી, એને એટલી પીડા છે, એટલી પીડા છે કે એ ભગવાન જાણે અને એ વેદે. એમાં અંદરમાં સમ્યગ્દર્શન પામે છે. આહાહા..! કેમકે એ તો સંયોગી ચીજ છે. બહારની પીડા સંયોગમાં છે. એટલી પીડા કે જન્મથી સોળ રોગ. સાતમી નરકનો નારકી છે, હોં! હમ્બગ નથી. આત્માએ અનંતવાર એવા ભાવ કર્યા અને અનંતવાર નરકમાં ગયો.

ભગવાન આત્મા, પૂર્વે રાજા હતો, સાંભળ્યું હતું પણ ધ્યાન ન દીધું, આત્મજ્ઞાન ન કર્યું તો નરકમાં ગયો. ત્યાં યાદ આવ્યું, આહાહા...! આ? શું છે આ? આ જીવન જ આવું હશે? આ વસ્તુ એમ જ હશે? આમાંથી નીકળવાનું કોઈ સ્થાન, કોઈ કાળ, કોઈ મર્યાદા છે કે નહિ? શું છે આ? એમ વિચારતા, પૂર્વે સંત પાસે સાંભળ્યું હતું કે અરે..! પ્રભુ! તું તો શુદ્ધ આનંદ છે ને! એ એને સ્મૃતિમાં આવ્યું. એવી પીડામાં અંદરમાં સ્મૃતિ થઈ. જેમ વિજળી તાંબાના તારમાં ઉપરથી પડીને નીચે ઊતરી જાય એમ ભગવાન આત્મા સાતમી નરકના નારકીના પીડાના સંયોગમાં (પડ્યો એમ જુએ છે), એ પીડા જડની છે, મારામાં નથી. હું તો જ્ઞાતા ચૈતન્યસૂર્ય અનાદિ શાશ્વત ધાતુ, ચિદ્ઘન શાશ્વત તત્ત્વ છું, એવી અંતર દૃષ્ટિ લગાવી તો સ્વભાવની અંદર વીર્ય ઊતરી ગયું અને અનુભવ થઈ ગયો. આહાહા..! એટલી પીડામાં! અહીં તો થોડી પીડા હોય તો એં..એં..એં.. રાડ નાખે. સમજાય છે કાંઈ?

અરે..! ભગવાન! ધર્મ કોને કહે? આહાહા..! મારા આત્મામાં શરીરનો સ્પર્શ પણ નથી, એમ સાતમી નરકનો નારકીનો નિજ ચૈતન્યનો અનુભવ કરે છે તો આ મનુષ્ય દેહમાં એટલી પીડા છે જ નહિ, એવા સંયોગ છે જ નહિ. અજ્ઞાની પોકાર પોકાર કરે છે. પોતાની ચૈતન્ય વસ્તુની ભાત પાડ્યા વિના, આ જડની પર્યાય મારી છે, એનું અસ્તિત્વ ટકાવી રાખું એમ ત્યાં બુદ્ધિ પડી છે. અહીંયા અંતર બુદ્ધિ નથી. અંદર ચૈતન્યમાં શું છે એની બુદ્ધિ તો છે નહિ, બહારમાં છે.

કહે છે, ધર્મીજીવ (એમ ભાવે છે કે) **'જ્વર આદિ વિકારોંસે મુજે વ્યથા તકલીફ કૈસી? ઉસી તરહ મૈં બાલ વૃદ્ધ આદિ અવસ્થાવાલા ભી નહીં હૈં.'** બાળ અવસ્થા એ શરીરની કોમળ પરમાણુની પર્યાયને બાળ અવસ્થા કહે છે. મારામાં બાળ અવસ્થા નથી. આહાહા..! ભગવાન! બાળ અવસ્થા તો માટીની, આ ચામડાની, હાડકાની અવસ્થા છે. એ પુદ્ગલની પર્યાય છે. છેલ્લે લીધું ને? **'एतानि पुद्गले'**. એ બાળ અવસ્થા પુદ્ગલની પર્યાય છે, આત્માની નહિ. જુઓ! સિદ્ધ કરે છે, હોં! પુદ્ગલ છે, એની પર્યાય છે. એકલો ચૈતન્ય છે અને જડ નથી એમ નથી. સિદ્ધ કરતા જાય છે. શરીરની અવસ્થા પણ છે, જન્મ-મૃત્યુ આદિ શરીરમાં છે, એવી ચીજ છે પણ એનાથી મારી વસ્તુ ભિન્ન છે. જગતમાં એકલો આત્મા જ છે અને બીજી કોઈ ચીજ નથી એમ નથી.

કહે છે, **'જ્વર આદિ વિકારોંસે મુજે વ્યથા તકલીફ કૈસી? ઉસી તરહ મૈં બાલ વૃદ્ધિ આદિ અવસ્થાવાલા ભી નહીં હૈ.'** યુવાન અવસ્થા નહિ. બત્રીસ વર્ષનો જુવાન. કોને જુવાન કહીએ? ભગવાન! એ તો પુદ્ગલની પર્યાય છે, તારી વસ્તુ તો એનાથી જુદી છે. જ્ઞાનાનંદ ભગવાનમાં યુવાની શું? ભગવાન આત્મામાં બાળ અવસ્થા કેવી? પ્રભુઆત્મામાં વૃદ્ધાવસ્થા કેવી? એ ત્રણે અવસ્થા જડની જડમાં પુદ્ગલની પર્યાય છે. એ પુદ્ગલની પર્યાયમાં થાય છે એને મારામાં થાય છે એમ માનવું એનું નામ મિથ્યાદર્શન શલ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એનું નામ મિથ્યાત્વ છે. અજીવમાં થવાવાળી વસ્તુ મારામાં થાય છે, એનું નામ અજીવને જીવ માને છે. એવો એનો વિપરીત અભિપ્રાય છે. એને જડ-ચૈતન્યનું ભિન્ન જ્ઞાન નથી.

**(વધુ આવતા અંકમાં...)**



# શ્રી પરમાગમસાર, વચનામૃત-૧૩૧ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૩૮ (તા.૯-૧૨-૧૯૮૨, ભાવનગર)

**જ્ઞાનની દશામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન જણાય છે. છતાં તેને તું કેમ જાણતો નથી. અરેરે ! ! જ્ઞાનની દશામાં ભગવાન જણાવા છતાં અનાદિથી વિકલ્પને તાબે થઈને રહ્યો હોવાથી ભગવાન જણાતો નથી. જ્ઞાનરૂપી અરીસાની સ્વચ્છતામાં ભગવાન આત્મા જણાવા છતાં પોતાને ખબર કેમ પડતી નથી ?–કે રાગના વિકલ્પને વશ થયો હોવાથી તેની નજરમાં રાગ આવે છે તેથી ભગવાન જણાવા છતાં જણાતો નથી. અજ્ઞાની અનાદિથી દયા-દાન આદિ વિકલ્પને તાબે થઈ ગયો હોવાથી જ્ઞાનની વર્તમાન દશામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જણાય છે તોપણ તેને જણાતો નથી. ૧૩૧.**

૧૩૧. **'જ્ઞાનની દશામાં અનભૂતિસ્વરૂપ ભગવાન જણાય છે, છતાં તેને તું કેમ જાણતો નથી.'** જ્ઞાનની દશામાં જ્ઞાન જ ન જણાય એવું ન બને. જ્ઞાનની દશામાં જ્ઞાન જ ન જણાય એવું ન બને. પણ તારું ધ્યાન બીજે હોય તો જણાતું હોય તે ન જણાયા બરાબર થાય ખરું.

જેમ આંખ ખુલ્લી હોય, તો સામે જે ચીજ હોય એનું પ્રતિબિંબ આંખના પડદા ઉપર આવ્યા વિના રહે નહિ. પણ એ જોવાના પદાર્થ, જણાતા પદાર્થ ઉપર લક્ષ ન હોય અને બીજા વિચારમાં લક્ષ હોય કે સાંભળવામાં લક્ષ હોય કે ખાવામાં લક્ષ હોય, તો જોયું જણાતું હોવા છતાં પ્રતિબિંબ આવતું હોવા છતાં નહિ જણાવા બરાબર એનો અનુભવ રહે છે. તેથી તે જણાતું નથી એમ કેમ કહી શકાય ? એનું પ્રતિબિંબ જ પડતું નથી એમ તો કહી શકાય નહિ. પ્રતિબંબ તો બરાબર આવે છે. નહિતર તો એ વખતે એનો ગુણધર્મ ત્યાં ખલાસ થઈ ગયો. પણ એવું તો કાંઈ છે નહિ.

એમ જ્ઞાનની દશામાં જ્ઞાન અનુભવાય છે, એમ કહેવું છે. જ્ઞાનની દશામાં જ્ઞાનવેદન ચાલુ જ રહે છે. તેને ટંકોત્કીર્ણપણું છે. ભગવાન આત્મા ટંકોત્કીર્ણ એવું વિશેષણ વાપરે છે ને ? ટાંકણાથી કોતર્યું હોય, ઉત્કીર્ણ એટલે કોતરેલું. ઉત્કીર્ણ છે એ સાહિત્યનો શબ્દ છે. પણ એને આપણે ચાલુ ભાષામાં કોતરવું કહીએ છીએ. ટાંકણાથી કોતરેલું હોય એ ભૂંસાતું નથી. એમ આત્મા ટંકોત્કીર્ણ સ્વભાવ છે એટલે એ ભૂસ્યો ભૂંસાતો નથી. જ્ઞાનમાં જ્ઞાનવેદન ભૂસી શકાય એવું નથી. એ જે જ્ઞાન વેદનનો અનુભવ છે એ જ ભગવાન આત્માનો અનુભવ છે એમ કહેવું છે. ઠીક ! (કોઈ પ્રશ્ન પૂછે કે) એ તો પર્યાયનો અંશ છે ને ? (તો કહે છે), જ્ઞાનાનુભૂતિ તે જ આત્માનુભૂતિ છે. એ તો આગળ અમે કહી ગયા છીએ. કહે છે કે જ્ઞાનાનુભૂતિ તે આત્માનુભૂતિ છે. એટલે એ દ્રવ્ય-પર્યાયનું તારું ક્ષયોપશમજ્ઞાન વચ્ચે આડું લાવીશ નહિ. આ તકલીફ પડે છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયની વ્યાખ્યા શીખે, પછી એમ સમજે કે મારે તો ત્રિકાળીનું ધ્યાન કરવું છે અને ત્રિકાળીનો અનુભવ કરવો છે અને મારે એક સમયની પર્યાયનો અનુભવ કરવો નથી. આવું બધું શીખે. પણ અનુભવ એક સમયની પર્યાયનો જ થાય. કોઈ જીવને ત્રિકાળીનો અનુભવ કોઈ દિ' થાય નહિ. નિગોદનો હોય કે સિદ્ધની દશામાં હોય, કોઈને ન થાય. પણ શીખે એમ કે દ્રવ્ય-ગુણ-પર્યાય છે એમાં આપણે દ્રવ્યનો,

ત્રિકાળીનો અનુભવ કરવો છે, પર્યાયનો અનુભવ કરવો નથી. એ તો લક્ષ કરવાનો હિસાબ છે. એ અવલંબનની વાત છે. વેદનની વાત છે નહિ. અને તારે અવલંબન ફેરવવું હોય,.. જુઓ ! આ વિજ્ઞાન કેવું છે ? હવે વાત તો અવલંબન ફેરવવાની રહીને ? કે જો તારે અવલંબન ફેરવવું હોય તો વેદનથી ઊપડવું પડશે. જે વેદનનું અવલંબન લેવાનું નથી ત્યાંથી એને પકડાવે છે. કેમ ? થયું છે શું ? કે જીવ પોતાના સ્વરૂપથી, મૂળ સ્વરૂપથી એટલો દૂર ગયો છે, કે એ પરને વેદતો હોવાનું માને છે, સ્વીકારે છે. માને છે એટલે સ્વીકારે છે. એ એનો Concept છે કે આ શરીર તે હું, શરીરની શાતા-અશાતા એ મને થાય છે, ખારું, ખાટું, તીખું મને લાગે છે, ઠંડું, ઊનું મને લાગે છે. હલકું, ભારે, સુંવાળું, ખરબચડું મને લાગે છે. એટલો દૂર ગયો છે કે એ સર્વથા ભિન્ન એવા જડ રજકણો સાથે એકમેકપણે પોતાનો અનુભવ કરે છે. એને એનો અનુભવ કરવા માટે જે સ્વભાવઅંશ ખુલ્લો છે ત્યાંથી સ્વભાવનું અવલંબન કરાવે છે. વેદનથી અહીંયાં પર્યાયનું અવલંબન કરાવતા નથી પણ વેદનથી અહીંયાં સ્વભાવનું અવલંબન કરાવે છે. આ એક કહેનારની અસાધારણ વિચક્ષણતા અને અનુભવપૂર્ણતા છે.

પોતે પણ એક કાળે તો જેને ઉપદેશ આપે છે એ જ સ્થિતિમાં હતા ને ? અથવા જેઓ આ મોક્ષમાર્ગની લાઇનમાં પ્રવેશ નથી કરતા, પ્રવેશ જેનો નથી એવા જીવોને સમજાવે છે ને ? તો એને પોતાને ખ્યાલ છે કે એ સ્થિતિ કેવી હતી અને એ સ્થિતિમાંથી પોતે કઈ રીતે પલટો માર્યો એ પણ એનો પોતાનો અનુભવ છે.

એટલે અહીંયાં એમ કહે છે કે, જુઓ ! ભાઈ ! અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનની દશામાં જણાય છે. જ્ઞાનની દશામાં તો જ્ઞાન જણાય છે. તો કહે છે, એ જ્ઞાન જણાય છે તે જ આત્મા છે. જ્ઞાન તે આત્મા છે. જ્ઞાન તે આત્મા કેવી રીતે આપ કહો છો ? ભગવાન ! જ્ઞાન તો પર્યાય છે અહીંયાં. અહીંયાં તો જ્ઞાન પર્યાય છે. તો કહે છે, એ જ્ઞાન પર્યાયને હું તને નથી દેખાડતો. એ જ્ઞાનપર્યાયમાં સ્વભાવ છે એને દેખાડું છું અને એ સ્વભાવ તે ભગવાન છે. શું કહેવું છે ? સ્વભાવ તે ભગવાન છે. સ્વભાવને તો તું ભગવાન તરીકે સ્વીકારવા તૈયાર છો કે નહિ ? હવે અમારે તને પ્રગટ ભગવાનના દર્શન કરાવવા છે. તું ભગવાનની કલ્પના કર કે આવો ભગવાન... આવો ભગવાન... આવો ભગવાન... આવો ભગવાન... એમ નહિ. તું પ્રત્યક્ષ જોઈ લે કે જો ભગવાન આવો છે. આ તને દેખાડી દઈએ. એટલી વાત છે એની અંદર.

જો જ્ઞાનની દશામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન છે એ કહે છે કે તને જણાય છે. તારું ધ્યાન નથી પણ તને ધ્યાન કર તો, ધ્યાનથી જો તો તને એ જણાય છે. આમ છે. તે જ ભગવાન છે. શું કહેવા માગે છે ? કે, પર્યાયત્વને જોનાર દ્રવ્યત્વને જોતો નથી. એટલે સ્વભાવને જોતો નથી. દ્રવ્યત્વ છે એ સ્વભાવ સ્વરૂપ છે અને સ્વભાવ છે તે દ્રવ્ય સ્વરૂપે છે. આમાં તો કાંઈ, શીખેલા જ્ઞાનમાં એ ના પાડી શકાય એવું નથી. તકલીફ ક્યાં પડે છે ? દ્રવ્ય-ગુણ-પર્યાયના જ્ઞાનનો જે કલ્પિત ખ્યાલ છે એને લઈને એને એ નડે છે. એની કલ્પના નડે છે. કે મારે પર્યાયનું કામ નથી, મારે દ્રવ્યનું કામ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના ત્રણ ભેદમાં મારે પર્યાયભેદ ન જોઈએ, ગુણભેદ ન જોઈએ, મારે દ્રવ્ય જોઈએ. અને દ્રવ્ય તે હું છું એ મને સમજાવ્યું છે. હવે અહીંયાં જ્ઞાનમાં, જ્ઞાનની દશામાં ભગવાન જણાય છે એ તો પર્યાય છે જ્ઞાનની દશા તો. મારે ક્યાં દશા સામું જોવું છે ?

કહે છે કે ભાઈ ! એ તારું કલ્પિત શીખેલું છે. એ અહીંયાં કામ આવે એવું નથી. એ બધી વ્યાખ્યામાંથી તને દ્રવ્યની કાંઈક કલ્પના થઈ છે, પણ આ તારે દ્રવ્યના દર્શન કરવા હોય એટલે કે સ્વભાવના દર્શન કરવા હોય, એટલે કે ભગવાન આત્માના દર્શન કરવા હોય તો આ એનો Practical છે. આ તો એનો Practical છે. આ એનો પ્રયોગ છે કે જ્ઞાનની દશામાં આ વર્તમાન વર્તતો છે એટલે Practical કહે છે. હવે Theory ઉપર નથી જવું. હવે વિચાર ઉપર નથી જવું. આત્માને વિચારવો નથી. હવે આત્મા જણાય છે એ જોવો છે એમ વાત છે. એની અંદર વિચારવાનો પ્રશ્ન અહીંયાં

રહેતો નથી. એ અનુભૂતિસ્વરૂપ જેમાં હું... હું.. હું... હું.. હુંપણાનો અનુભવ થાય છે એવું એક જ્ઞાનવેદન છે તે વ્યક્ત સ્વભાવ અંશ છે તે સ્વભાવ છે. તે વ્યક્ત સ્વભાવ અંશ છે તે સ્વભાવ છે. એવા અનુભવને અહીંયાં ભગવાન આત્માનો અનુભવ, સ્વભાવનો અનુભવ એટલે ભગવાન આત્માનો અનુભવ કહેવામાં આવે છે. તે ચાલુને ચાલુ છે. સર્વ જીવોને ચાલુ છે, આબાળ-ગોપાળને ચાલુ છે. હું કેમ એને જાણતો નથી ? કેમ તારું ધ્યાન નથી ? એમ કહે છે. શું કહે છે ? કેમ તારું ધ્યાન નથી ?

ઘરમાં હીરાને પત્થર માનીને સામું જોતો નહોતો. ઝવેરી મિત્ર આવ્યો એણે એમ કહ્યું કે, ભાઈ ! તેં પથરો માન્યો ઠીક છે પણ એની ચમક ઉપર તો કાંઈક તારે ધ્યાન દેવું હતું. જો હવે તું ધ્યાનથી જો. એની ચમક અને સાધારણ પત્થર બંને એક લાગે છે ? જરાક ધારીને જો, જરાક ધારીને જો, હું કહું છું જરાક ધારીને જો. ભલે થોડી વાર લાગે તને. ધારી.. ધારી.. ધારીને જોતા એમ થયું કે વાત કંઈક છે, કાંઈક ઘડ બેસે એવી છે.

એમ અહીંયાં એનું લક્ષ ફેરવાવે છે. આત્માનું જ્ઞાનનું, જ્ઞાનસ્વભાવનું, વારંવાર જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા, અનુભૂતિસ્વરૂપ તે આત્મા એમ કહીને લક્ષ ફેરવાવે છે. એ લક્ષ થવાને તેહનો કહ્યા શાસ્ત્રો સુખદાયી. જે કાંઈ સુખના દેનારા એવા જે સત્‌શાસ્ત્રો, એનું કોઈ પ્રયોજન હોય તો એટલું જ છે કે જીવનું એકવાર પણ લક્ષ થઈ જાય, કે આ અનુભૂતિસ્વરૂપ આત્મા, ભગવાન આત્મા જણાય છે તે જ હું છું.

એકવાર એનું લક્ષ થાય, ઓળખાણ થતાં જ લક્ષ બંધાય જાય છે. પછી તો પરિણામની શુદ્ધિની પ્રક્રિયા આપોઆપ Automatic થાય છે. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપર્યંતની. ક્યાંય કર્તૃત્વભાવ કરવો પડતો નથી. જે લોકોનું ક્રિયા ઉપર વજન છે એ એમ કહે છે કે ક્રિયા કર્યા વિના કાંઈ થાય ? ત્યાગ કરવો પડે, ચારિત્ર લેવું પડે. એ પરાણે-પરાણે લેવું પડે અને કરવું પડે એ પ્રશ્ન જ નથી અહીંયાં. એ તો સહજ ક્રિયા છે. મોક્ષમાર્ગ છે એ સહજ છે. કેમ ? કે એ સહજ સ્વરૂપને અવલંબીને થયેલા મોક્ષમાર્ગના પર્યાયો છે.

જે ત્રિકાળ અકૃત્રિમ ભિન્ન-ભિન્ન સમાન આત્મબિંબ છે. આ લોકમાં છે ને ? અકૃત્રિમ જિનબિંબો છે. અકૃત્રિમ ચૈત્યાલયો છે અને અકૃત્રિમ જિનબિંબો છે એની અંદર. એના ઉપર કોઈ તીર્થંકરનું ચિહ્ન ન હોય. જે સ્થાપના કરીએ એમાં તો તીર્થંકરની આપણે સ્થાપના કરીએ છીએ. અને જે તે તીર્થંકરનું લાંછન હોય છે એ ચિહ્ન આપણે ત્યાં મુકીએ છીએ. પણ જે અકૃત્રિમ છે, જે અનાદિ છે એ કયા તીર્થંકરનું મૂકે ? એ પ્રશ્ન છે નહિ. એ નથી હોતું. આ તો શાસ્ત્રમાં આવે છે. પુરાણની કથામાં આવે છે. એ જે અકૃત્રિમ જિનબિંબ છે એવું જ આ અકૃત્રિમ સહજ શાશ્વત ચૈતન્યબિંબ આત્મા છે. એવા ચૈતન્ય અકૃત્રિમ બિંબનો માર્ગ પણ અકૃત્રિમ છે, કૃત્રિમ નથી. અકૃત્રિમ સ્વરૂપની સાથે કૃત્રિમતા એ વિરુદ્ધ જાય છે. એ સુસંગત નથી પણ વિસંગત છે. એટલે એને કરવું પડે... કરવું પડે... કરવું પડે... એની સાથે એને ક્યાંય મેળ નથી. જે સહજ દશા થાય, સહજ સ્વરૂપને આશ્રયે સહજ દશા ઉત્પન્ન થાય એને મોક્ષનો માર્ગ કહેવામાં આવ્યો છે.

કહે છે, **'ભગવાન જણાય છે, છતાં તેને તું કેમ જાણતો નથી.'** ઉલ્લંઘન કરી જાય છે. ટંકોત્કીર્ણ એવી જે અનુભૂતિ, ટંકોત્કીર્ણ અનુભૂતિ કે આ ભૂંસાતી નથી, એમ કહે છે. ટાંકણાથી કોતરેલું ભૂંસાય નહિ એમ જ્ઞાનમાં જ્ઞાનવેદન ભૂંસાતું નથી. એને તું ઉલ્લંઘન ક્યાં કરે છો ? જે હાજર છે, મોજૂદ છે, હયાત છે, ચાલુ છે, પ્રગટ છે, વેદનરૂપ છે અને વેદનથી પ્રસિદ્ધ છે. આત્મા શેનાથી પ્રસિદ્ધ છે ? વેદનથી પ્રસિદ્ધ છે. એને તું ઉલ્લંઘન કરી જાય છે. પુણ્ય-પાપને જોવાના આકર્ષણમાં અને પુણ્ય-પાપના વિષયરૂપ પદાર્થોની વિધવિધતાને જોવાના આકર્ષણમાં તું એટલો બધો આકર્ષિત થયો છો કે જેને લઈને તું ભગવાન આત્માને કેમ જાણતો નથી ? પ્રગટ અનુભૂતિ સ્વરૂપ છે અને જણાય છે એને કેમ તું જાણતો નથી ? આ પ્રશ્ન ઉઠાવ્યો છે.

**'અરેરે...!!'** જુઓ ! વિસ્મય કર્યો છે. ખેદ અને સાથે વિસ્મય છે કે **'અરેરે !! જ્ઞાનની દશામાં ભગવાન જણાવા છતાં અનાદિથી વિકલ્પને તાબે થઈને રહ્યો...'** જુઓ ! કેવો શબ્દ વાપર્યો છે ! જાણે કે વિકલ્પે-રાગે તારા ઉપર કબજો જમાવી લીધો હોય, એવી તારી સ્થિતિ છે. વ્યસનવાળાને તો પરપદાર્થે કબજો જમાવ્યો હોય એવું લાગે છે કે આ એક બીડી એવી વળગી છે ને, એવી ચોંટી છે ને મુકાતી નથી. તું એને તાબે થઈ ગયો ! એક પાંદડું. આ ચાની પત્તી લ્યો ને. આ ચા વગર નથી ચાલતું માણસને. ભૂકી. કેટલી ? પાવલીભાર પણ નથી. કેટલી નાખે છે ? એક કપ ચામાં કેટલી જોઈએ ? પાવલીભાર પણ ન જોઈએ. એક તોલાના ઘણા ઓછા ભાગની જોઈએ. બસ, એટલામાં તું તાબે ! ભારે ભાઈ તું તો મોટો અને પાછું અભિમાનનું ઠૂંઠ. મારું અપમાન થાય છે. મારું અપમાન કર્યું. મારું ફલાણું કર્યું. પણ હવે તું તો એક ચાની ભૂકીમાં વેચાણો છો.

જેની કીમત કરવા જઈએ તો બે-ચાર આના થાય, કેટલી થાય ? જો ૬૦-૭૦-૮૦ પૈસાની ચા મળતી હોય તો ભૂકી તો એનાથી ઓછા ભાગની (થાય). એમાં દૂધ આવ્યું, ખાંડ આવી, બધાની કીમત ખરી કે નહિ ? અને નફો બધો એની અંદર આવ્યો કે નહિ ? ૫૦ ટકા તો નફો છે એની અંદર. હવે આના-બે આનાની ભૂકીમાં તું વેચાણો અને વળી પાછો એમ કહે છે કે મારું અપમાન કર્યું. પણ હવે તારા માનનું ઠેકાણું જ ક્યાં છે. તારું અપમાન તો તેં કર્યું છે. અમે ક્યાં કર્યું છે ? કોણે કર્યું છે અપમાન ? કે એક-બે આનાની ચા. ૨૫-૫૦ પૈસાની ચાની ભૂકી, એનાથી પણ તું હીણો, એના વગર તારે ચાલે નહિ. તો પછી તારું અપમાન તેં નથી કર્યું તો શું કર્યું છે તેં ? તારું અવમૂલ્યન, અપમાન એટલે અવમૂલ્યન, તારું અવમૂલ્યન તેં નથી કર્યું તો કેટલું કર્યું છે ? તો તારી કીમત તો બે-ચાર આનાથી પણ ઓછી થઈ. વાત પતી ગઈ.

એના ઉપર તારું ધ્યાન છે, ક્ષુદ્ર પદાર્થો ઉપર તારું ધ્યાન છે. અને એટલું બધું જોરથી ધ્યાન છે કે તને ભગવાન આત્મા જણાતો નથી. જણાવા છતાં જણાતો નથી એમ વાત છે. અને કઈ રીતે જણાય ? કાંઈક તારી તૈયારી તો જોઈએ કે નહિ ? એમ કહે છે.

**'અરેરે !! જ્ઞાનની દશામાં ભગવાન જણાવા છતાં અનાદિથી વિકલ્પને તાબે થઈને રહ્યો હોવાથી ભગવાન જણાતો નથી.'** બધી હા પાડે. પણ પ્રકૃતિની વાત આવે તો હા ન પાડે. જેને જે પ્રકૃતિનું જોર હોય ને એ પ્રકૃતિના વિષયમાં નમતું ન કરી શકે. કેમ કે પ્રકૃતિ એની ક્યારે છે ? કે એણે તીવ્ર રસથી બાંધી છે અને હજી પણ એ રસ છોડતો નથી. એટલે એ પ્રકાર છે. અને એ જ એનો આત્મા થઈ પડે છે. એ એનો આત્મા થઈ પડે છે. એટલે એને જ અનુભવે છે એ. પ્રકૃતિભાવને જ અનુભવે છે. અને એ પ્રકૃતિભાવને છોડીને ત્યાં જ રહેલો જે ભગવાનનો અનુભવ, સ્વભાવનો અનુભવ, એને એ અનુભવતો નથી.

આ એક ગાથા એવી છે, રીતને લાગેવળગે છે, કાર્યની પદ્ધતિને લાગેવળગે છે ત્યાં સુધીમાં આ એક ગાથા એવી છે કે આના મર્મના ઊંડાણમાં, તળિયાને જઈને સ્પર્શે તો ફડાક દરવાજો ખુલી જાય એવું છે. મોક્ષમાર્ગનો કબાટ ખુલી જાય એવું છે. એવી આ ૧૭-૧૮મી ગાથા છે. કેમ કે આચાર્ય મહારાજે એક બહુ અસાધારણ વાત કરી છે. કે તું અજ્ઞાની... અજ્ઞાની... અજ્ઞાની (માને છો), મારા આત્માના દર્શન કરવા છે એવી તું માગણી કરવા આવ્યો છો મારી પાસે. શ્રીગુરુ પાસે જાય છે ને શિષ્ય થઈને ? અમને આત્માના દર્શન કરાવો. તો કહે છે કે, ભાઈ ! અમે તો એમ કહીએ છીએ કે આબાળ-ગોપાળ સૌને અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવાઈ જ રહ્યો છે. અમારું આ વચન એવું છે કે તને આત્માનો અનુભવ નથી એ વસ્તુને ખલાસ કરી નાખે. તું એમ કહે છે કે મને આત્માનો અનુભવ નથી. એ વસ્તુને ખલાસ કરી નાખે. કેમકે અમે અસ્તિથી સ્થાપીએ છીએ કે બધાને અનુભવ છે. એમાં બધામાં તું આવી જા છો. એટલે તારી વાત એમાંથી છૂટી જશે અને તને આત્માનો અનુભવ થશે. વિશેષ કહેશે...

# શ્રી પરમાગમસાર, વચનામૃત–૧૩૧ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૩૯ (તા.૧૦-૧૨-૧૯૮૨, ભાવનગર)

અનાદિના અજ્ઞાની જીવને સ્વાનુભવ થવાનો સહેલો–સુગમ ઉપાય કેવો છે ? એ ૧૭-૧૮ ગાથાનો વિષય છે. આમ તો અનાદિનો અજાણ્યો વિષય છે. જીવે અનંત કાળ બહિર્ભાવથી બાહ્ય પદાર્થોને આશ્રિત જ પરિણામ કર્યા છે. અને એ પરિણામની પ્રવૃત્તિની જ એને Practice છે, મહાવરો છે. અને એ એનું સ્વરૂપ થઈ ગયું હોય એવું એણે સ્વીકાર્યું છે. એવી બહિર્મુખ પરિણામ પ્રવૃત્તિ એનું સ્વરૂપ હોય, એવું જીવે સ્વીકારી લીધું છે. તેથી તેનાથી તદ્દન વિરુદ્ધ એવું અંતર્મુખપણું શું ? એનાથી એ તદ્દન અજાણ્યો છે. અને એ અંતર્મુખપણું કેમ થાય એમ 'શ્રીગુરુ' બતાવે છે. ગાથાનો પ્રસ્તુત વિષય આટલો છે કે જીવ અંતર્મુખ કેમ થાય ? અને તે પણ સુગમપણે અંતર્મુખ કેમ થાય ? એટલી આની અંદર સરળ શૈલી છે. શું કહે છે ?

**'જ્ઞાનરૂપી અરીસાની સ્વચ્છતામાં...'** ચોથી લીટી છે. ત્રણ લીટી થઈ છે. **'જ્ઞાનરૂપી અરીસાની સ્વચ્છતામાં ભગવાન આત્મા જણાવા છતાં પોતાને ખબર કેમ પડતી નથી ?–કે રાગના વિકલ્પને વશ થયો હોવાથી તેની નજરમાં રાગ આવે છે તેથી ભગવાન જણાવા છતાં જણાતો નથી.'** જ્ઞાનમાં જણાવા છતાં ન જણાય એવી ક્રિયા અત્યારે પણ બને છે. કાલે દૃષ્ટાંત લીધું હતું કે, નેત્ર ખુલ્લા હોય, ખુલ્લા ચક્ષુમાં સામે રહેલા પદાર્થોનું પ્રતિબિંબ આવતું હોય, તો પણ લક્ષ બીજા વિષય ઉપર હોય તો દેખાવા છતાં દેખાતું નથી એમ કહી શકાય.

એવું જ્ઞાનમાં રાગ ઉપર લક્ષ છે. રાગ ઉપર લક્ષ છે એટલે રાગ તે હું એમ એકત્વ છે. તેથી જ્ઞાન તે હું એવું એકત્વ થતું નથી. ખરેખર પોતે જ્ઞાનસ્વભાવી હોવા છતાં, જ્ઞાન તે હું એવું કેમ એકત્વ, અનુભવ થતો નથી ? કે વિરુદ્ધ એવા વિભાવ અને રાગ તે હું, વિભાવ તે હું. જે-તે કાળે જેવો ઉત્પન્ન હોય, તેવો હું એવું વિપરીત અનુભવન છે. રાગના વિકલ્પને વશ થયો હોવાથી...

પોતે પ્રશ્ન ઉઠાવ્યો છે. પ્રવચનમાં ને પ્રવચનમાં 'ગુરુદેવશ્રી'એ પ્રશ્ન ઉઠાવ્યો છે કે, **'જ્ઞાનરૂપી અરીસાની સ્વચ્છતામાં ભગવાન આત્મા જણાવા છતાં પોતાને કેમ ખબર પડતી નથી ?'** આ પ્રશ્ન ઉઠાવ્યો છે. આચાર્યદેવ તો કહે છે કે આબાળ-ગોપાળને અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવી રહ્યો છે. કહે છે કે અનુભવમાં આવી રહ્યો છે એટલે જણાઈ રહ્યો છે. જણાઈ રહ્યો છે છતાં કેમ એને પોતાને ખબર પડતી નથી કે જણાઈ રહ્યો છે ? કે એણે એમ સ્વીકારી લીધું છે કે રાગ તે હું, એમ એણે સ્વીકારી લીધું છે. એટલે રાગના વિકલ્પને વશ થયો હોવાથી, વર્તમાન રાગરૂપ વિકલ્પને વશ થયો હોવાથી, એને તાબે થયો હોવાથી તેની નજરમાં રાગ આવે છે અને ભગવાન આત્મા જણાવા છતાં જણાતો નથી, આમ વાત છે.

ત્રણ બાજુથી વળેલું દોરડું પડ્યું હોય અને એમાં સાપની ભ્રાંતિ થાય કે સાપ પડ્યો છે. સાંજે સાડા સાતનું આછું-પાતળું અંધારું હોય, પૂરું અંધારું ન હોય એટલે થોડું આછું દેખાય અને આખુ ન દેખાય. ત્યારે વહેમ પડે. વહેમ પડે નહિ એણે તો સ્વીકારી જ લીધું છે. ભય થયો ત્યારે તો એણે સ્વીકારી જ લીધું છે. સ્વીકાર્યા વિના ભય ઉત્પન્ન થાય નહિ, સાપ પડ્યો છે. તો દોરડું અને સાપ. સાપ તે દોરડું નથી અને દોરડું તે સાપ નથી. એકના સ્વીકારમાં બીજાના સ્વીકારનો અભાવ છે. જ્યારે એણે એને સાપ સ્વીકાર્યો છે ત્યારે દોરડું દેખાવા છતાં એને દોરડું દેખાતું નથી. શું દેખાણું છે એને ? દોરડું દેખાવા છતાં એને દોરડું દેખાણું નથી. આમ છે.

વળી રાગનું પણ જ્ઞાનમાં પ્રતિબિંબ જ પડે છે. કાંઈ જ્ઞાન રાગરૂપ થતું નથી અને રાગ કાંઈ જ્ઞાનરૂપ

થતો નથી. અજ્ઞાનીને પણ. છતાં એ જ્ઞેયનિષ્ઠ હોવાથી. જ્ઞેયમાં નિષ્ઠા હોવાથી અથવા પરમાં સ્વપણાની ભ્રાંતિ હોવાથી. જેમ દોરડામાં સાપની ભ્રાંતિ થઈ છે. એમ પરમાં સ્વપણાની ભ્રાંતિ થયેલી હોવાથી રાગ તે હું, એવો એ મિથ્યા અનુભવ કરે છે. મિથ્યા આભાસ એને વર્તે છે. એમ જ્ઞાની કહે છે. એને તો એ સાચું જ લાગે છે. રાગ તે હું એમ એને તો બરાબર લાગે છે. પણ ચોખ્ખો રાગ મને થયો ને ? કહે છે કે તને જ્ઞાન થાય છે. તું આત્મા છો અને તને જ્ઞાન થાય છે અને તને જ્ઞાનમાં ભગવાન આત્મા જણાય છે. તને જ્ઞાન થાય છે એટલું જ નહિ, આચાર્ય મહરાજ તો એમ કહે છે કે તને તારા જ્ઞાન-અરીસામાં જેટલી સ્વચ્છતા વર્તી રહી છે, તેમાં તને ભગવાન આત્મા જણાય છે, પણ વિકલ્પને વશ થયો હોવાથી તને તે એકલો વિકલ્પરૂપ રાગ જ નજરમાં આવે છે અને ભગવાન આત્મા જણાતો હોવા છતાં જણાતો નથી. આ પરિસ્થિતિ ઊભી થઈ છે.

મુમુક્ષુ :– દોરડાનો ભ્રમ ભાંગતાં ભય નીકળી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. તદ્દન એ જ ક્ષણે નીકળી જાય. જ્ઞાન થાય ત્યારે ભય છોડવા માટે બીજી કોઈ પ્રક્રિયા ન કરવી પડે.

મુમુક્ષુ :– શ્રીગુરુ આત્માને વર્ણવે છે ને !

પૂજ્ય ભાઈશ્રી :– પણ એને ભાસવો જોઈએ ને. એને ભાસન થવું જોઈએ. શું છે ? એને જે 'શ્રીગુરુ' કહે છે એવું ભાસન થવું જોઈએ. વળી જીવ બુદ્ધિવાળો ચતુર છે. અત્યારે મનુષ્ય પર્યાયમાં જીવ બુદ્ધિવાળો અને ચતુર છે કે બારદાન છે સાવ ? કોઈ સ્વીકારવા તૈયાર નથી.

મુમુક્ષુ :– મતલબની વાત બહુ સમજે.

પૂજ્ય ભાઈશ્રી :– મતલબની વાતને એવી સમજે છે અને એમ માને છે કે મારા જેવું કોઈ સમજતું નથી. ફલાણાની આમ ભૂલ થાય છે અને ફલાણાની આમ ભૂલ થાય છે. હું બરાબર છું એમ એને છે. કહે છે કે, ભાઈ ! તને કેમ ભાસન થતું નથી ?

કાલે 'શ્રીમદ્‌જી'નો એક સરસ બોલ વાંચ્યો કે સ્વરૂપ ક્યારે પ્રતિભાસે ? અને ક્યારે ન પ્રતિભાસે ? એ વિષે ૨૫મા વર્ષમાં એમને ૩૩૧ મા (પત્રમાં) લીધેલો છે કે જીવને જે સંસારના ઉદયનો પ્રસંગ છે, એમાં એને ભ્રાંતિગતપણે કેટલાક પ્રસંગો સુખરૂપ ભાસે છે. શું કહે છે ? ખરેખર ત્યાં એને સુખનો અનુભવ નથી. કોણ કહે છે ? જ્ઞાની પરમાત્મા કહે છે કે ખરેખર તેને સુખનો અનુભવ નથી. એને ત્યારે પણ દુઃખનો અનુભવ છે એમ એ જોવે છે. પણ એને ખરેખર સુખ લાગે છે.

એક આપણા મુમુક્ષુ હતા. (એને) શેરડી બહુ ભાવે. એમાં શિયાળામાં સારી મજાની સરખી, લઠ્ઠ જેવો શેરડીનો સાંઠો આવ્યો હોય, તો એ હાથે છાલ ઉતારી, ગંડેરી કરી કરીને સવારના પહોરમાં અડધી કલાક-કલાક બેઠા-બેઠા ખાય. અને એમ કહે કે જુઓ ! આ શેરડી કેવી ગળી લાગે છે. તમે કહો છો કે આ શેરડી ખાવામાં સુખ નથી પણ દુઃખ છે. પણ આ ખાતા સુખ લાગે છે એની કેમ ના પાડવી ? ઠીક ! કીધું, ભાઈ ! અમારે ચર્ચા ચાલી. બરાબર શેરડી ખાતા-ખાતા જ એણે આ વાત કરી. ખાવાના શોખીન હતા. વિભિન્ન પ્રકારના ખાદ્ય પદાર્થના શોખીન હતા. ખાવામાં Variety બીજું-ત્રીજું હોય તો જાણે ભગવાન.. ભગવાન...! એ કહે આ શેરડી કેવી મજાની સરસ છે. ગંડેરી કરી-કરીને ખાઈએ છીએ. ખાઈએ છીએ અને તમે કહો છો કે દુઃખ થાય છે. પણ અમને સુખનો અનુભવ થાય એનું શું ? કીધું, ભાઈ ! આ મૂળાભાજીનો વેપાર નથી કે, ભલે પાંચ-દસ તોલા નમતું જાય, કાંઈ વાંધો નહિ. છાબડું બેસી જાય તો વાંધો નહિ. આ તાંજળિયાની ભાજી ૫૦ ગ્રામ વધારે આપી દોને. આ તો હીરાનો વેપાર છે. જેમ ભાજી જોખાય એમ હીરા જોખાય નહિ. તાત્ત્વિક રીતે સુખ-દુઃખનું સ્વરૂપ સમજવાની વાત છે.

તમારા સ્થૂળ જ્ઞાનમાં, ભ્રાંતિગત જ્ઞાનમાં સુખ-સુખ દેખાય છે, એને સુખપણે તમે સ્થાપો છો, એ પલાખા અને એ ગણિત અહીંયાં કામ આવે એવું નથી. અહીંયાં કોઈ અલૌકિક ગણતરીનો વિષય છે, અલૌકિક જ્ઞાનનો

વિષય છે. આ લૌકિક જ્ઞાનનો વિષય નથી. એને કારણે અહીંયાં સ્વરૂપ ભાસતું નથી. એમ કહેવું છે. મુદ્દો તો આપણે એ ઉપસે છે કે 'શ્રીગુરુ' આત્મસ્વરૂપ બતાવે છે છતાં, એ સાપ નથી અને દોરડું છે એમ કહે છે, ભલે કોઈ કહેનાર કહે. ભય થયેલા જીવને કોઈ એમ કહે કે ભાઈ ! ત્યાં દોરડું પડ્યું છે. તમે ખોટા ભડક્યા, તમે ખોટા (ડર્યા) છો ત્યાં સાપ નથી. અને કુદરતી એવું હોય કે એ દોરડાને એક બાજુ ગાંઠ મારી હોય અને બીજી બાજુ ઘસાઈને પાતળું થયું હોય. ભયમાં અને ભયમાં જોવા જાય. હજી પેલાની વાત ઉપર વિશ્વાસ ન આવતો હોય, કે આ સાપ છે કે દોરડું ? લાગે છે સાપ. એક બાજુ મોઢું છે અને એક બાજુ પૂંછડું છે. આ ખોટું કહે છે. ઠીક ! પછી એને ભય જાય ? એને તમે સાત વાર એમ કહો કે, ભાઈ ! અહીંયાં કાંઈ નથી તમે જાવ. તો કહે, ના ભાઈ ! મારે કાંઈ ઝેરનું પારખું કરવું નથી. એનો ભય ન જાય.

એમ આ જીવને વિશ્વાસ અને પ્રતીતિ આવવી જોઈએ ને. 'શ્રીગુરુ'ના વચન ઉપર પ્રતીતિ આવવી જોઈએ. ઘણા પ્રકારે કહ્યું છે, એક પ્રકારે નથી કહ્યું પણ ઘણા પ્રકારે કહ્યું છે કે, ભાઈ ! પોપટની જેમ ઉડવાની શક્તિ છે અને ભૂંગળી મૂકી દે તો કાંઈ હેઠે પડીને મરવાનો નથી. લટકી જાય છે ને ? ઉડતા પોપટને પકડે છે એ ભુંગળીમાં પકડે છે. ત્યારે એ શું ભૂલે છે ? કે એની સ્વાધીન ઉડવાની શક્તિને ભૂલે છે. એમ આ જીવ કોઈના વિના પણ જીવી શકે છે. અત્યારે પણ પરિપૂર્ણ છે અને પોતાના અનાદિઅનંત શાશ્વત જીવન માટે કોઈની આવશ્યકતા અને આધારની જરૂર એને નથી. એ ભૂલ્યો છે. એને જ્ઞાનીના વચન ઉપર વિશ્વાસ આવતો નથી. એને એમ થાય કે ભલે કહે. એ તો 'ગુરુદેવ' પૈસાને ધૂડ કહે છે ને. અમે ક્યાં કહીએ છીએ એમ એક મુમુક્ષુ કહેતા હતા. થોડા લોભી પ્રકૃતિના હતા. કીધું, આ 'ગુરુદેવ' પૈસાને ધૂડ કહે છે. તમે ક્યાં સુધી આ ઉંમરમાં આટલી બધી મમતા કરશો ? તો કહે, પણ એ તો 'ગુરુદેવ' કહે છે ને ? મેં કીધું, શું કહો છો તમે આ ? 'ગુરુદેવ' કહે છે એટલે કાંઈ નહિ તમારે મન ? આ શું વાત છે ? એને વિશ્વાસ નથી આવતો. એનો અર્થ શું છે ? કે એને એના વિના ન ચાલે, એવું જે કહે છે એનો એને વિશ્વાસ આવતો નથી. અને ત્યાં સુધી એને સુખસ્વરૂપ ભાસે છે એવા જે સંસારી પ્રસંગો, જેમાં એને ખરેખર સુખનો અનુભવ છે એવા ભ્રાંતિગત એના સુખના પ્રસંગો અને તે બધા પ્રકારો, વિભિન્ન પ્રકારના સુખના પ્રકારો, એમાં તે તે પ્રસંગે જ્યાં સુધી જીવને વહાલપ વર્તે છે.. આ એમની શૈલી છે. મીઠાશ વર્તે છે કે વાહ..! આ મને લાભ થયો, આ મને સુખ થયું, આ મને અનુકૂળતા થઈ. બસ, આમ જ જોઈએ. બહારમાં આ જ પ્રકાર જોઈએ. ત્યાં સુધી જીવને પોતાનું સ્વરૂપ ભાસવું અસંભવિત છે. આમ લીધું છે.

હવે જો એ ખરેખરો સ્વરૂપની પ્રાપ્તિ માટેનો જિજ્ઞાસુ હોય તો જ્યાં જ્યાં એને સુખ ભાસે ત્યાં એ આ વિષયનો વિચાર કર્યા વિના રહે નહિ. વિચારની ભૂમિકામાં આ Practice કરવી પડે. Practice કરે છે. કરવી પડે છે એટલે જે જીવને ઊંચે આવવું છે, એને આ Practice થાય છે કે, અરે..! જ્યાં સુખ નથી ત્યાં સુખનો અનુભવ કેમ ? આ વિષય ઉપર એની જાગૃતિ આવે છે. આની મીઠાશ છે. એ મીઠાશની અંદર દુઃખ ભરેલું છે. જે મીઠી છરી કહેવામાં આવે છે એવી આ મીઠી છરી છે. જે સુખ વર્તે છે એ મીઠી છરી છે. ખરેખર એનો ત્યાં ગુણ કપાય છે. તેનો સુખગુણ ત્યાં છેદાય છે. પણ એને ક્ષણિક મીઠાશ આડે તે જ કાળમાં ગુણ કપાય ગયો એનો ખ્યાલ આવતો નથી.

કહે છે કે એને જીવનું સ્વરૂપ–પોતાનું સ્વરૂપ ભાસવું તો અસંભવિત છે. પરંતુ સત્સંગનું માહાત્મ્ય પણ તથારૂપપણે ભાસ્યમાન થવું અસંભવિત છે. એકના બદલે બે વાત લખી કે એને આત્માનું સ્વરૂપ તો ભાસવું સંભવિત નથી પણ જે સંગે, જે બાહ્ય સંયોગે જેના ઉપર સ્વરૂપ ભાસવાનો આરોપ આવી શકે એવો જે સત્સમાગમ, એનું પણ જેવું છે એવું સ્વરૂપ. તથારૂપપણે એટલે ? એનું જેવું છે એવું સ્વરૂપ એને પોતાને ભાસવું અસંભવિત છે. એને સત્સંગનું મહાત્મ્ય આવે નહિ, એને

એની કિંમત આવે નહિ. અનુકૂળતા હોય તો આપણે જાવું. કાંઈક કામ આવી જાય તો શું કરીએ ? છેલ્લો નંબર આપીને બેઠો હોય હવે. એમ કહે કે અમને કેમ ભાસતું નથી ? ભાઈ ! તને ભાસવાનો કોઈ સવાલ રહેતો નથી.

જે સત્સમાગમના યોગે તને સ્વરૂપ ભાસવાનો કાંઈ અવકાશ છે એની પણ તને કીંમત નહિ આવે. આત્માનું સ્વરૂપ ભાસ્યમાન થશે એ તો પ્રશ્ન જ રહેતો નથી. તને અંતરમાં ઉપાદાન નહિ ભાસે અને બહારમાં નિમિત્ત પણ નહિ ભાસે. બેમાંથી એક્કેની કીંમત તને આવશે નહિ. એમ લીધું છે. એ અસંભવિત છે.

એટલે જ્યાં સુધી તે સંસારગત વહાલપ, અસંસારગત વહાલપને પ્રાપ્ત ન થાય,.. સંસારમાં જેનું સ્થાન નથી એવું જે સત્સંગ અને સત્‌સ્વરૂપ, એના પ્રત્યે એને ઘણી કીંમત, પૂરી કીંમત, અપૂર્વ કીંમત ન આવે ત્યાં સુધી ખચીત્ કરીને, ચોક્કસપણે, અપ્રમત્તપણે વારંવાર પુરુષાર્થનો સ્વીકાર યોગ્ય છે. ત્યારે એને એની વિચારની ભૂમિકામાં આ વહાલપ તોડવાનો એણે પુરુષાર્થ કરવો જોઈએ. આ પહેલો પુરુષાર્થ અહીંથી શરૂ થાય છે.

આ વાત ત્રણે કાળને વિષે અવિસંવાદ જાણીને જેમાં કોઈ અપેક્ષા લગાડીને ઊંધું-ચત્તું કરવાની જરૂર નથી. ત્રણે કાળે સિદ્ધાંતરૂપ છે. અવિસંવાદરૂપ છે એટલે ત્રણે કાળના અફર સિદ્ધાંતરૂપ જાણીને. એટલે જે કોઈ જીવને સંસારથી છૂટવાની શરૂઆત થાય છે એને આ પ્રકારે થાય છે. ત્રણે કાળને વિષે. અનંતા ભૂતકાળમાં થયા, અનંતા ભવિષ્યમાં થશે, બધાની આ સ્થિતિ છે. અવિસંવાદ જાણીને નિષ્કામપણે લખી છે. અમારે કાંઈ સ્પૃહા છે અને કાંઈ કારણસર લખી છે એમ છે નહિ. કોઈપણ જાતની, કોઈના પ્રત્યેની ઇચ્છા નથી ને લખી છે. આમ છે.

કેમ ભાસતું નથી ? 'શ્રીગુરુ' કહે છે કે એને વહાલપ વર્તે છે, મીઠાશ આવે છે, સુખ થાય છે. જ્યાં ભ્રાંતિ થાય છે અને દુઃખ થાય છે ત્યાં એને ભ્રાંતિમાં જ એને દુઃખમાં સુખ લાગે છે અને તેમાં એની મીઠાશ છે. પાછું સુખ લાગે છે એટલું નહિ, એ સુખ મીઠું લાગે છે. બસ, એ તો હીરની દોરી, તેલનું ટીપું. હીરની દોરીમાં ગાંઠ વાળી અને તેલનું ટીપું પડ્યું. ચીકાશ પડી. એની મીઠાસ છે ને ? એ એની ચીકાશ છે. એ ગાંઠ જલ્દી ખૂલે નહિ. એ પરિસ્થિતિ આવે છે. એટલે એને આ સ્વરૂપ ભાસતું નથી. વીતરાગસ્વરૂપી જે આત્મા, પરિપૂર્ણ વીતરાગસ્વરૂપ છે. પૂર્ણ વીતરાગતાનું બિંબ છે. એને કોઈ રીતે હું છું એમ એને એ ભાસવું સંભવિત નથી. ત્યાં એ સંભવિત નથી. એવો પ્રકાર જ આવતો નથી.

અહીંયાં 'ગુરુદેવશ્રી' પોતાની ભાષામાં એ જ વાતને એમ કહે છે કે **'રાગના વિકલ્પને વશ થયો...'** છે. મીઠાશ વર્તે છે એટલે એને તું વશ થયો છો. તેથી **'તેની નજરમાં...'** એકાકારપણે રાગ જ એની નજરમાં આવે છે. તેની નજરમાં ભગવાન આત્મા **'જણાવા છતાં જણાતો નથી.'** આ પરિસ્થિતિ છે. એકલો રાગ જ નજરમાં એકાકારપણે આવે છે અને ભગવાન આત્મા જણાતો હોવા છતાં જણાતો નથી. કેમકે જે જ્ઞાન છે, એ જ્ઞાનમાં જ્ઞાનનું જણાવું તો છે જ. જ્ઞાન ક્યારેય સ્વપરપ્રકાશપણું છોડતું નથી એટલે જ્ઞાનમાં જ્ઞાનનું જણાવું તો થાય જ છે. પણ એકાકારપણે જ્ઞેયાશ્રિત પરિણમન હોવાથી જણાવા છતાં જ્ઞાન જણાતું નથી. ત્યાંથી નિવૃત્ત થઈને, પરજ્ઞેયથી વ્યાવૃત થઈને અને પરજ્ઞેયથી ઉપયોગને નિવૃત્ત કરીને, જ્ઞાનનું જાણવું થાય છે એના અવલોકનમાં આવે, ત્યાં એના પરિણમનની દિશા બહિર્મુખપણું છોડીને અંતર્મુખ થઈ જાય છે.

અંતર્મુખ થવું એમાં વિચાર કરવો એમ નથી કે આ અંતર્મુખ કેમ થવું ? અંતર્મુખ આમ થવું. સ્વસન્મુખ આમ થવું. અંતર્મુખ કેમ થવું એ વિચારનો સવાલ નથી. વિચાર છે એ તો એક વસ્તુના સ્વરૂપ સંબંધીનો ઊહાપોહ છે. વિચાર છે એ શું છે ? કેમ છે અને કેમ નથી ? એને વિચારમાં લેવું એ એક વસ્તુના સ્વરૂપ વિષયક ઊહાપોહ છે.

અહીંયાં તને એમ કીધું કે જ્ઞાનસ્વરૂપ તું છો. રાગાદિ સ્વરૂપ તું નથી. રાગમાં હુંપણાનો અનુભવ તારો મિથ્યા અનુભવ છે. તું માત્ર જ્ઞાનસ્વરૂપ છો એમ જે

કહ્યું, તો હવે તારે એ વાતને પ્રથમ સ્વીકારીને–બુદ્ધિથી સ્વીકારીને, હવે એ એમ છે કે નહિ એના અવલોકનમાં તારે જવું જોઈએ. એ વાત બુદ્ધિથી સ્વીકારવી જોઈએ કે રાગ છે એ એકનો એક રહેતો નથી. ભલે રાગ ચાલુને ચાલુ રહેતો હોય પણ રાગ છે તે તેનો તે રાગ રહેતો નથી.

જેમકે એક લાડવો, મીઠાઈ ખાવાનો રાગ થયો, એક અને બે (ખાધા). જે ભૂખ હતી એ જેવી પૂર્તિ થઈ. એટલે કે હોજરીના પરમાણુઓની ઉષ્ણતા શાંત થઈ, ત્યાં એનો રાગ ફરે છે કે હવે નહિ. અરે...! ભાઈ ! તમને તો બહુ ભાવે છે. દાબોને બીજા બે-ચાર. ભાઈસાહેબ ! હવે નહિ. પણ હવે એમાં શું વાંધો ? તો કહે ભાવે છે પણ પેટ ના પાડે છે. શું કહે ? અરે..! ભલેને પેટ ના પાડે. તમે તમારે ખાવને. કે હવે Vomit થઈ જશે એમ કહે. છેલ્લી હદ શું આવે છે એની ? કે હવે જો એક બટકું નાખીશ તો આ ખાધેલું બહાર આવી જશે. અંદરથી બહાર ફેંકાઈ જશે. એને ભૂખ તો રહેતી નથી પણ રાગ પણ રહેતો નથી. એ રાગ એનું સ્વરૂપ નથી. ભલે એને ગમે તેટલી એકત્વની મીઠાશથી એણે તે કાળે વેદ્યો તોપણ એનું સ્વરૂપ નથી એ નક્કી થાય છે. જ્યારે જ્ઞાનનો પ્રવાહ, જ્ઞાન જાણવારૂપે જ્ઞાનનો જે પ્રવાહ જાણવું... જાણવું... જાણવું... એવો જે જ્ઞાનનો પ્રવાહ એ અવિરતપણે તૂટ્યા વિના. ક્યાંય પણ તૂટકપણું થયા વિના સહજપણે ચાલુ રહે છે. બુદ્ધિથી આ સમજી શકાય એવો વિષય છે.

હવે એને એટલું જ અવલોકન કરવાનું રહે છે, હવે વિચારનો ઊહાપોહ બંધ કરીને. સ્વસન્મુખ થવું છે ને ? તો સ્વસન્મુખ થવું એ એક દૃષ્ટિએ તો પડખું ફેરવવા જેટલું સુગમ છે. જેમ કોઈ માણસ ચત્તો સૂતો હોય અને હળવેક દઈને પડખું ફેરવે એમાં કોઈ પરિશ્રમ નથી લાગતો. સહજપણે પડખું ફેરવે છે. એમ જ્ઞાનના અવલોકનમાં આવે, જ્ઞાનમાં જ્ઞાન જણાય છે, જ્ઞાનમાં ભગવાન આત્મા જણાય છે એમ જ્યારે આચાર્ય ભગવાન કહે છે ત્યારે એ જણાય છે કે નહિ એટલું તો જુવે. એને એમ નથી કહ્યું કે નથી જણાતો અને તું જાણ. એમ નથી કહ્યું. તો તો એમ થાય કે નથી જણાતું એ કેવી રીતે જાણવો ?

અહીં તો એમ કહે છે કે તને જણાય છે, છતાં તારું લક્ષ અને તારું ધ્યાન બીજે છે, એટલે તને જણાતો નથી. બાકી તો તને જણાય જ છે. તેથી માત્ર અવલોકનમાં આવ કે જેની અવલોકના કરતા પરમેશ્વરપદ હાથ લાગે છે. લ્યો. સીધું અનંત જ્ઞાનની ખાણનો પત્તો લાગે છે કે આ જ્ઞાનસ્વરૂપ છે એમ નહિ, અનંતજ્ઞાન આમાં ભરેલું છે. જે પ્રથમ ભાસ્યમાન થાય છે એમાં એ સીધી આખી ખાણનો પત્તો લાગે છે. અવસ્થામાં ભલે એનું Sample છે, દાટેલા ચરુનો કાંઠો દેખાણો છે કે ચરુ દેખાણો છે ? કે કહેનારે કહ્યું કે ભાઈ ! બહુ ઊંડે નથી જવાનું. એક અડધો હાથ, છ ઇંચ ખોદીશ ત્યાં તને ચરુ હાથમાં આવશે. હવે પહેલુ છ ઇંચ ખોદે ત્યારે એક ઠેકાણે એને કોદાળી કે ત્રિકમનો ઘા કર્યો. કાંઈ આખો ચરુ દેખાય એવડો તો કાંઈ ઘા કરે નહિ. ત્યારે એને કાંઠો દેખાય. કોઈ પૂછે કે તમને શું દેખાણું ? તો કહે ચરુ દેખાણો. ચરુ દેખાણો કે કાંઠો દેખાણો હજી તો ? કે કાંઠામાં આખો ચરુ દેખાણો છે. શું દેખાણું છે ? આમ છે. ત્યાં કોઈ વેદ્યાવેડા નથી કરતો કે નહિ.. નહિ.. હું કેમ માનું ? મને તો હજી કાંઠો જ દેખાણો છે. હજી ક્યાં આખો ચરુ દેખાણો છે. પક્કડ કરે કે હું તો અંશને જાણું છું. પણ તને અંશની પણ ખબર નથી અને અંશીની પણ ખબર નથી.

કહે છે કે જ્ઞાન જ્ઞાનને જાણે છે એમ જ્યાં જ્ઞાનને જાણવારૂપ અવલોકનમાં આવે છે ત્યારે તેને સ્વસંવેદન થવાનો, વેદનથી પ્રસિદ્ધ હોવાનો, આત્મા વેદનથી પ્રસિદ્ધ હોવાનો એને પ્રથમ પ્રતિભાસ આવે છે અને ત્યારે એનું જ્ઞાનબળ છે એ જાગૃત થાય છે. પહેલુંવહેલું જ્ઞાનબળ ત્યાંથી પ્રગટે છે કે અરે...! આત્મા વેદનનો પીંડ છે, અનંત જ્ઞાન અને અનંત સ્વસંવેદન સ્વભાવ આત્માના સ્વરૂપમાં ઠાંસીને ભર્યો છે. આવડો મોટો જ્ઞાનનો દરિયો હોવા છતાં હું મોઢું ફેરવીને બહાર તપાસ કરતો હતો કે મને ક્યાંયથી જ્ઞાન વૃદ્ધિ થાય, પર્યટન કરું તો જ્ઞાનવૃદ્ધિ થાય, દેશદેશાવર જોઉં તો જ્ઞાનવૃદ્ધિ થાય, અનેકવારના

અનેક પ્રકારના પદાર્થોનો અભ્યાસ કરું તો જ્ઞાનવૃદ્ધિ થાય, ચોપડીઓ વાંચું તો જ્ઞાનવૃદ્ધિ થાય અને ભાષણો સાંભળું તો જ્ઞાનવૃદ્ધિ થાય. એ બધું જ્ઞાનના દરિયાથી વિમુખ થઈને અનંત પ્રકારે પ્રયત્ન કર્યો પણ તેથી કાંઈ જ્ઞાન વધ્યું નહિ.

**'અજ્ઞાની અનાદિથી...'** બહુ બહુ તો શું કરે છે જીવ ? કે ધર્મના ક્ષેત્રમાં દાખલ થાય છે. જે-તે સંપ્રદાયમાં એનો જન્મ થાય છે. પૂર્વના એના શુભભાવો અનુસાર તે-તે સંપ્રદાયની એને મમત્વની લાગણી થાય છે. 'ગુરુદેવ', 'બહેનશ્રી' મહાવિદેહમાંથી સ્થાનકવાસીમાં આવ્યા. ત્યાં કાંઈક એવી ચર્ચા થઈ હશે કે જેથી સ્થાનકવાસી સંપ્રદાયમાં જન્મ થયો. વસ્ત્રસહિત સાધુપણું અથવા વસ્ત્રસહિતપણામાં પણ એવું ઉત્કૃષ્ટ સાધકપણું માન્ય રાખ્યાનું કાંઈક સ્વીકારાઈ ગયું છે, તો અહીંયાં એ વસ્ત્રસહિત સાધુ(ના) સંપ્રદાયમાં જન્મ થયો. હવે જન્મ થયા પછી સાત-આઠ વર્ષ સુધી તો કોઈ પ્રયોજનનો વિષય આ ધર્મની બાબતમાં સમજાય નહિ. ભલે સંજ્ઞી પંચેન્દ્રિય હોય તો પણ આઠ વર્ષ સુધી તો ધાર્મિક પ્રયોજનને સમજે એટલું સૂક્ષ્મ જ્ઞાનનું પરિણમન હોય નહિ. સમ્યગ્દર્શન હોય તો બીજી વાત છે નહીં. એ તો માતાના ગર્ભમાં ભેદજ્ઞાન ચાલુ રહે છે. એને તો એ પ્રશ્ન રહેતો નથી. ત્યાંથી સમ્યગ્દર્શન લઈને સાધકજીવ આવે છે. મનુષ્યદેહમાંથી મનુષ્ય થાય છે ને ? એને તો કોઈ પ્રશ્ન નથી. એને આઠ વર્ષનો પ્રતિબંધ છે નહીં. આ તો મિથ્યાદૃષ્ટિ હોય ત્યારની વાત છે. પછી તો જે-તે સંપ્રદાયમાં હોય ત્યાં જ જવા-આવવાનું થાય. એને સંસ્કાર પણ એ રેડાય કે જો આ ભગવાન છે આના દર્શન કર. પછી વૈષ્ણવ હોય તો એના મંદિરમાં જાય, કે જો આપણા ભગવાન છે એને નમસ્કાર કરો. આ આપણા ગુરુ છે. સંપ્રદાયના જે-તે ગુરુ હોય એની પાસે જાય કે આ આપણા ગુરુ છે એને વંદન-નમસ્કાર કરો. એમાં એને કેમ શંકા પડે કે આ ગુરુ હશે કે નહિ અને આ દેવ હશે કે નહિ ? કેમકે એ જે ભાવ લઈને જ આવ્યો છે, એ જ ભાવની વધારે પુષ્ટિ થાય એવો ઉદય આવે છે એને. જે ભાવે એણે કર્મ બાંધ્યું છે, એ જ ભાવની પુષ્ટિ થાય એવો સામે ઉદય આવે છે. એને શંકા કેવી રીતે પડે ? પોતાના ભૂતકાળને સૌ વિચારે તો સમજી શકાય એવું છે. કે શંકા પડતી નથી. એવી પરિસ્થિતિમાંથી બહાર નીકળવું જરા મુશ્કેલ પડે છે. આ ઠીક કહે છે કે નહિ. એ તો એમ જ જાણે છે કે મારા કરતા આ વધારે આની અંદર આગળ છે. ગુરુ છે એ તો મારા કરતા આગળ છે. એની વાતમાં કેમ શંકા કરાય ? જે-તે સંપ્રદાયના શાસ્ત્રો છે એ મારા કરતા ઘણા વિશાળ બુદ્ધિવાળાઓએ લખેલા છે. મારું શું ગજુ ? એટલે એ એને અનુસરતો થઈ જાય છે. પહેલેથી જ લઘુતાગ્રંથી–Interiority માં અનુસરતા થઈ જાય છે. કોઈ એવા અસાધારણ વિચારથી જ એ બહાર નીકળી શકે છે. સાધારણ વિચારથી તો બહાર નીકળી શકાતું નથી. એવો વિષય છે.

ત્યારે એ ધર્મના ક્ષેત્રમાં જઈને બહુ બહુ શું કરે છે ? કે દયા-દાન આદિના રાગને કરે છે. જ્યાં જે પ્રકારની શુભભાવની બાહ્ય ક્રિયાકાંડ હોય એ ક્રિયાકાંડમાં એ સામેલ થાય છે અને એવા શુભરાગને અનુસરે છે. ત્યારે તે એમ માને છે કે મને ધર્મ થાય છે. હું ધર્મ કરું છું. મારા આત્માના કલ્યાણની કાંઈક પ્રવૃત્તિ કરું છું. એ વખતે એ મિથ્યાત્વને જ દૃઢ કરે છે. આ પરિસ્થિતિ છે.

કહે છે કે, **'અજ્ઞાની અનાદિથી દયા-દાન આદિ વિકલ્પને તાબે થઈ ગયો હોવાથી જ્ઞાનની વર્તમાન દશામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જણાય છે તોપણ તેને જણાતો નથી.'** આ તો એક પડખું રજુ કર્યું છે કે એને ખરેખર ત્યાં જ્ઞાનમાં જ્ઞાનવેદન વર્તતું હોવાથી અને જ્ઞાનમાં જ્ઞાનવેદન ક્યારેય છૂટી શકવું અશક્ય હોવા છતાં. છુટી શકવું જ અશક્ય છે, એમ હોવા છતાં એ વિકલ્પને તાબે થઈને, દયા-દાન આદિ રાગના વિકલ્પને જ ધર્મનું સ્વરૂપ સ્વીકારીને એ **'વર્તમાન દશામાં અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા જણાય છે...'** અનુભવાય છે. કેમ અનુભવાય છે ? કે અનુભૂતિસ્વરૂપ હોવાથી એ અનુભવાય છે.

ક્યારેય કોઈપણ પદાર્થ પોતાના સ્વરૂપનો ત્યાગ

કરે નહિ. વિજ્ઞાનનો એ સિદ્ધાંત છે કે ક્યારેય કોઈપણ પદાર્થ પોતાના સ્વરૂપનો ત્યાગ કરે નહિ. અને જો પદાર્થ પોતાના સ્વરૂપનો ત્યાગ કરે તો એ પદાર્થનો નાશ થાય, પદાર્થ શૂન્ય થાય. પણ ક્યારે પણ કોઈપણ પદાર્થનો સર્વનાશ થાય એવું તો કદી બનતું નથી. રૂપાંતર અવશ્ય થાય છે પણ સર્વનાશ થાય એવું કદી બનતું નથી.

અહીંયાં કહે છે કે ભગવાન આત્મા તો અનુભૂતિસ્વરૂપ છે. અનુભવ કરવો એ એનું સ્વરૂપ છે. બહારમાં પણ શું કહે છે ? કે મને ઠંડીનો અનુભવ થયો. આ શિયાળો આવ્યો ત્યારે શું કહેશે ? કે મને ઠંડીનો અનુભવ થયો. ઊનાળો આવતા એમ કહેશે કે મને ગરમીનો અનુભવ થયો. હવે ઠંડી અને ગરમી તો અનુભવની વિશિષ્ટતા છે. અનુભવ એમાં સામાન્ય છે. જો સામાન્ય-વિશેષના વિભાગથી વિચારવામાં આવે તો ઠંડાપણું, ગરમપણું એ તો અનુભવની વિશિષ્ટતા થઈ. પણ એ તમામ પ્રકારના અનુભવમાં અનુભવ સામાન્ય છે. એ અનુભવથી ક્યારેય કોઈ જીવ અનુભવવિહીન હોય, ક્યારેય કોઈ જીવ અનુભવવિહીન હોતો નથી, અનુભવ રહિત હોતો નથી એનું કારણ એ છે કે પોતે અનુભૂતિ સ્વરૂપ છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા, અનુભૂતિનો જ પિંડ હોવાથી અનુભવ વિનાનો ક્યારેય હોતો નથી. બસ.

અહીંયાં ઉપદેશ એટલો જ છે કે તું વિશેષને ગૌણ કર અને સામાન્યને મુખ્ય કર. શાસ્ત્ર પરિભાષામાં એને એમ કહેવાય છે કે સામાન્યનો આવિર્ભાવ કર અને વિશેષનો તિરોભાવ કર. એ શાસ્ત્ર પરિભાષા છે. ચાલુ ભાષામાં કહીએ તો એ વિશિષ્ટતાઓને તું ગૌણ કર, અને અનુભવ... અનુભવ... અનુભવ... અનુભવ... અનુભવ... જે સામાન્ય અનુભવ છે એને મુખ્ય કર તો તને આખો આત્મા અનુભૂતિનો પિંડ છે એમ જાણવા મળશે. અને એમાં અનુભૂતિનો અનુભવ... અનુભૂતિનો અનુભવ... મૂળમાં તો અનુભૂતિનો અનુભવ છે. એમ અનુભૂતિસ્વરૂપ તને અનુભવગોચર થશે. એને જ આત્માનુભવ કહે છે, એને જ સ્વસન્મુખપણું કહે છે, એને જ અંતર્મુખપણું કહે છે. બીજું કાંઈ નથી.

જ્ઞાન જ્ઞાનના અનુભવને અવલોકે ત્યારે અનુભવનો આવિર્ભાવ થાય, અનુભૂત ભાવનો–અનુભૂતિરૂપ અનુભૂતભાવનો આવિર્ભાવ થાય એટલે કે અનુભૂતિની તારતમ્યતા વધે ત્યારે એને સ્વસંવેદન અથવા અંતર્મુખપણું કહેવામાં આવે છે. આટલું છે.

ફરીને. જ્ઞાન જ્ઞાનના અનુભવમાં છે. જ્ઞાન જ્ઞાનના અનુભવમાં રહે જ છે, વર્તે છે, પ્રવાહ એનો ચાલુ જ છે. એના અવલોકનમાં આવે ત્યારે એને અંતર્મુખપણું થયું એમ કહેવામાં આવે છે. કેમ કે એ કાળે જે જ્ઞાનને, જ્ઞાનનું વેદન છે એની તારતમ્યતા વધે છે. તારતમ્યતા વધે છે એટલે એ સ્પષ્ટપણે, પ્રગટપણે, પ્રત્યક્ષપણે એને વેદનગોચર થાય છે. એવી જે અનુભૂતિની કળા છે, જે અંદરની કળ છે એ પડખું ફેરવવા જેટલી છે. એ ૧૭-૧૮ ગાથાનો વિષય છે. બહુ સહેલામાં સહેલો સુગમ ઉપાય જો આખા 'સમયસાર'માં વર્ણવ્યો હોય તો એક આ જગ્યાએ છે. ૪૧૫ ગાથામાં ૧૭-૧૮મી ગાથામાં અનુભવના વિષયને સહેલો અને સુગમ કરી નાખ્યો હોય તો અહીંયાં કર્યો છે.

ભાઈ ! આબાળ-ગોપાળને અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવે છે. જરાક પડખું ફરીને અવલોકન તો કર. તારા જ્ઞાનમાં ધીરજ–ધૈર્ય લાવીને, થોડો ધીરો થઈને જોતો ખરો કે તું તો અનુભૂતિનો પિંડ જ છો, સતત અનુભવ તને વર્તે છે અને તારો અનુભવ ક્યારેય બંધ થતો નથી. અરે..! બંધ કરી શકાતો પણ નથી. ત્યાં પછી અનુભવ કરવો એ પ્રશ્ન આવતો નથી. કેમકે અનુભવને બંધ કરી શકાતો નથી. એ અનેકવિધ પરપદાર્થોનો અનુભવ છે. એને મુખ્ય કર્યો છે એટલી જ તને આ વિષયમાં તકલીફ છે. તને જો કોઈ આ વિષયક તકલીફ હોય તો એટલી જ છે કે તેં અનેકવિધ વિષયના અનુભવને મુખ્ય કર્યો છે. પણ અનુભવ સામાન્યને તેં જોવાનો, અવલોકન કરવાનો પણ પ્રયાસ કર્યો નથી–પ્રયત્ન કર્યો નથી, એ દિશાનો પ્રયત્ન કર્યો નથી. એવો જે સામાન્યના અનુભવને અવલોકવાનો પ્રયાસ તે અંતર્મુખની દિશાનો પ્રયાસ છે.

એ અંતર્મુખની દિશાનો જો જીવ પ્રયાસ કરે તો સહજપણે, સુગમપણે એને અનુભવ આવિર્ભૂત થઈને, અનુભવગોચર થાય છે કે જે તિરોભૂત થઈને અનુભવગોચર થઈ રહ્યો છે. તે આવિર્ભૂત થઈને અનુભવગોચર થાય છે. નવો થાય છે એમ વાત છે નહિ. તારતમ્યતા વધે છે.

માણસ બેભાન થાય છે ત્યારે શું થાય છે? Operation જોવા માટે હિંમત કરી હોય, અને એમાં છરી લઈને જ્યાં કાપે અને અંદરથી લોહીનો ફુવારો ઊડે ત્યારે એક સેકન્ડમાં જોનારને ચક્કર આવીને પડી જાય છે. હવે એને ખબર નથી રહેતી શું થાય છે? ત્યારે એને આ વિષયનો અણગમો કેટલો હતો એ એને ખબર નથી હોતી. એટલે આ નહિ એમ એને થાય છે. આમ નહિ એમ થાય છે. એક સેકન્ડમાં આમ નહિ થાય છે અને મૂર્છા આવે છે. એ એને તિરોભૂત થયેલો ભાવ આવિર્ભૂત થાય છે, બીજું કાંઈ થતું નથી. આટલી જ વાર લાગે છે. કોઈ એમ કહે કે આવો આવિર્ભાવ થવામાં વાર લાગતી હશે ને ? તિરોભૂતનું આવિર્ભૂત થતું એમાં કેટલી વાર લાગે ? કે આટલી જ વાર લાગે. તિરોભૂત થયેલા ભાવને આવિર્ભૂત થતાં જરાપણ વાર લાગતી નથી. કરવટ બદલવા જેટલી વાર લાગે છે. એક સેકન્ડની અંદર જેમ એને અંદરથી એકદમ તારતમ્યતા વધી જાય છે. એ દ્વેષભાવ છે. આ નહિ એને એ દ્વેષભાવ છે. એ દ્વેષ વધી જાય છે. એકદમ તારતમ્યતા એની વધે છે. પડ્યો તો છે જ. રાગમાં જ દ્વેષ પડેલો છે. જ્યારે શરીરનો જીવને રાગ છે, ત્યારે જ એની અંદર દ્વેષ ગર્ભિતપણે રહેલો છે. એ તો એક સિક્કાની બે બાજુ છે. એ સીધો જ બહાર આવી જાય છે. બહાર આવી જાય છે એટલે સ્થૂળ થઈ જાય છે. ઉગ્ર થઈ જાય છે, તારતમ્ય વિશેષતાવાળો થાય છે.

એવું જ વેદન છે એ એકદમ અંદરમાં તિરોભૂત છે એ જ્યાં એના અવલોકનમાં આવે છે ત્યારે એ વેદનની પ્રક્રિયામાં તારતમ્યતા વધીને એને સ્વસંવેદનનો પ્રસંગ આવીને ઊભો રહે છે. એને પ્રગટ આત્માનો અનુભવ કહેવામાં આવ્યો છે.

અહીંયાં તો એક પડખું લીધું છે કે કઈ રીતે એને જણાતો નથી. એ પોતે એને વશ વર્તે છે એટલે એને જણાતો નથી. એ ૧૩૧ મો બોલ (પૂરો થયો).

## વિશેષ સૂચના

સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની પરમ કૃપાના ફળસ્વરૂપે સ્વાનુભૂતિ પ્રકાશ નામની અધ્યાત્મિક માસિક પત્રિકા ગુજરાતીમાં ૨૨૦૦ નકલ તથા હિન્દીમાં ૬૨૦૦ નકલ પ્રકાશિત કરવામાં આવી રહી છે. સ્વાધ્યાય પ્રેમીઓના પારમાર્થિક ઉપકાર દર્શાવતા ઘણા પત્રો પ્રાપ્ત થાય છે. આ પત્રિકા સંસ્થા દ્વારા સ્વાધ્યાય અર્થે છેલ્લા ચૌદ વર્ષથી નિઃશુલ્ક મોકલવામાં આવી રહી છે. અને જો આપ કોઈપણ કારણસર તેનો સદ્‌ઉપયોગ ન કરી શકતા હો અથવા આપને એકથી વધુ કોપી આવતી હોય અને તે કારણવશાત આપ ન મંગાવવા માંગતા હોય તો તેમનો ગ્રાહકનંબર અથવા સ્ટીકર-રેપર સંસ્થાના કાર્યાલય પર મોકલી આપવા વિનંતી.

ટ્રસ્ટીગણ, શ્રી સત્‌શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ભાવનગર

સંપર્ક :- શ્રી સત્‌શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ૫૮૦, જૂની માણેકવાડી, ભાવનગર-૩૬૪ ૦૦૧.

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જાન્યુઆરી-૨૦૧૨નું) શુલ્ક શ્રી પરિચંદ્ર ઘોષાલ પરિવાર, કલકતાના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**

## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ પત્રાંક-૩૩ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન તા. ૯-૦૮-૧૯૯૧

ગઈકાલે જે વાત ચાલી એમાં પાંચમો જે બોલ છે એના ઉપર ફરીથી ચર્ચા લઈએ.

મુમુક્ષુ :- ચોથા બોલની છેલ્લી લાઈન ફરીથી લઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- **''જૈસે કિ માત્ર પરિણામ દેખનેવાલેકો પ્રવૃત્તિકી મુખ્યતા દિખતી હૈ.''** શું (કહેવું) છે ? અહીંયા ધર્મી અને અધર્મી બન્નેની સાથે વાત કરી છે – સમીક્ષા જેને કહેવામાં આવે છે. ધર્મીને શુદ્ધ તત્ત્વની – શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ છે એટલે એ બીજા ધર્મી જીવના પણ માત્ર પરિણામ અને પ્રવૃત્તિ નથી જોતો. સામાન્યપણે સંસારીજીવ પર્યાયમૂઢ હોવાથી, (એટલે કે) પર્યાયાશ્રિત પરિણમનવાળો હોવાથી માત્ર પોતાના પરિણામ જ દેખે છે અને બીજાના પણ માત્ર પરિણામ જ દેખે છે. પોતાના જેવાં પરિણામ છે એવો હું, રાગ થતો હોય તો રાગવાળો હું (એમ જોવે છે). એમ બીજાને રાગ થતો હોય તો એ પણ રાગવાળો આખો આત્મા. હું પણ આખો રાગવાળો આત્મા (અને) એ પણ આખો રાગવાળો આત્મા. એવી જેને મુખ્યતા થાય છે એવું ધર્મીને થતું નથી. ધર્મીની દૃષ્ટિ એવી હોતી નથી. બીજા ધર્મીને જોવાની પણ એની દૃષ્ટિ એવી નથી. એને - ધર્મીને બીજા ધર્મીની એમ ખબર પડી જાય છે કે, આના પરિણામ છૂટા રહે છે (અર્થાત્) ભિન્ન રહે છે. આ પોતાના આત્માને રાગથી ભિન્ન તારવે છે. પ્રતિસમયના પરિણમનમાં રાગ એને વર્તે છે એનાથી એ પોતાના આત્માને જુદો તારવે છે, અને એ રીતે એ તરે છે, તરતો જાય છે. પોતાને તારવતો જાય છે. એવી (એક) ધર્મીને બીજા ધર્મીની ખબર પડે છે. જ્યારે અધર્મી છે એ જ્ઞાનીના માત્ર પરિણામ જ જોવે છે અને એ પણ બહાર દેખાય એવાં – રાગ અને રાગની ચેષ્ટા. જેવી જેની દૃષ્ટિ હોય, એવું પોતાના માપથી બીજાનું માપ કાઢે. ધર્મી, ધર્મીની રીતે માપ કાઢે છે (અને) અધર્મી, અધર્મીની રીતે માપ કાઢે છે. એમ કહે છે.

મુમુક્ષુ :- જ્ઞાનીનું તરતાપણું જોવાનો દૃષ્ટિકોણ ખ્યાલમાં આવવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- એ ખ્યાલમાં આવે કે, આ તરે છે. રાગથી જુદાં તરે છે. દૃષ્ટાંત પણ એવું જ છે. પાણીમાં તરે છે કે નહિ ? પાણીમાં તરનારો પાણીને અડીને પાણીમાં તરે છે પણ ડૂબતો નથી, કે પાણીની બહાર તરે છે ? પાણીને અડીને પાણીમાં તરે છે પણ ડૂબતો નથી. એને પાણીનો ભય નથી. એ પાણમાંડૂબવાનો નથી. તરે છે એટલે એ ડૂબવાનો નથી. એમ સંસારમાં (રહેતાં જ્ઞાની) સંસારને ભલે અડેલા દેખાય છે, સંસાર મધ્યે દેખાય છે પણ તરે છે. એને સંસારમાં ડૂબવાનો ભય નથી, સીધી વાત છે. ભય નથી કેમકે ડૂબતા નથી - તરે છે. એમાં (દૃષ્ટાંતમાં) પાણીની ઉપર તરે છે એમ આ (સંસારની) ઉપર તરે છે, છૂટા તરે છે. એને કાંઈ તકલીફ નથી.



પાંચમાં મુદ્દામાં એ વાત છે કે, ધર્મી, અધર્મીનું જે જ્ઞાન કરે છે એમાં મુખ્ય વાત એટલી જ એ જોવે છે કે, જે જીવને પોતાના ત્રિકાળી સ્વરૂપનું અભાન હોય – ભાન ન હોય, એને તો પછી ક્યારે ક્યો દોષ થાશે, એનું ક્યાં ઠેકાણું રહેવાનું હતું. માટે એનો મુખ્ય દોષ એ છે કે, એણે પોતાનું સ્વરૂપનું ભાન નથી કર્યું. બીજો ક્યો દોષ છે ને કેવડો દોષ છે, એ વાત મુખ્ય નથી. એને ભાન નથી એ જ મુખ્ય વાત છે.

શ્રીમદ્જીએ ૨૫૪ પત્રમાં આથી થોડી ઊંડે જઈને વાત કરી છે. મુમુક્ષુ તો એમ કહેશે, એને બચાવ કરવાનો ભાવ આવે કે, શું કરીએ કે અમને તો અનાદિથી ભાન નથી. અમારો દોષ કહો કે જે તમારે કહેવું હોય એ કહો પણ અનાદિથી ભાન નથી, આ તો એક હકીકત અનાદિથી ચાલુ જ છે. પરિસ્થિતિ એ ચાલુ જ છે, હકીકત છે કે અનાદિથી આ જીવને પોતાનું ભાન થયું નથી. શું કરીએ ? અનાદિથી (ભાન) છે જ નહિ, એનું શું કરવું ? ત્યારે શ્રીમદ્જીએ જરા ઊંડે જઈને કહ્યું કે, દોષ ભલે અનંતપ્રકારના હો, પ્રકૃતિજનિત દોષ, જે જે પ્રકૃતિનો ઉદય હોય તે તે

પ્રકૃતિનો જીવ દોષ કરે પણ સૌથી મોટો દોષ એ છે કે, એણે મુમુક્ષુતા ઉત્પન્ન કરી નથી. જુઓ ! જરા ઊંડે જઈને વાત કરી છે. (એમણે તો ત્યાં) એ પ્રકરણ હાથમાં લીધું છે. અહીંયા કોઈ એ પ્રકરણ નથી. અહીં તો જ્ઞાનીનો પ્રશ્ન ઊઠ્યો છે એમાંથી બીજા પડખાં ખૂલે છે. અહીંયા એ પ્રકરણ નથી. એમણે તો એ પ્રકરણ હાથમાં લીધું છે. મુમુક્ષુને ક્યાંથી પ્રારંભ કરીને કેવી રીતે આગળ વધવું જોઈએ (એ પ્રકરણ છે). તો કહે છે જીવનો સૌથી મોટો દોષ જ એ છે કે, એણે મુમુક્ષુતા ઉત્પન્ન કરી નથી. આ સૌથી મોટો દોષ છે. મુમુક્ષુતા ઉત્પન્ન કરી નથી એનો અર્થ શું ? કે, એને ખરેખર અંતરથી મારે મારું પોતાનું પૂરું કલ્યાણ કરવું છે, જરા પણ દુઃખી ન થાઉં એવી એક પૂર્ણ શુદ્ધિની મારે તૈયારી કરવી છે, મારે પૂર્ણ શુદ્ધ થવું છે, મારે આ સંસારના જન્મ-મરણનું પરિભ્રમણ ન જોઈએ એવી એણે ખરેખર અંતરથી તૈયારી કરી નથી, ભાવના કરી નથી, મુમુક્ષુતા ઉત્પન્ન કરી નથી. આ એનો સૌથી મોટો દોષ છે. જો મુમુક્ષુતામાં આવે તો આત્માના ભાનપણામાં આવ્યા વિના રહે નહિ. તો આ જે (અહીંયા) કહે છે એ દોષ ટળી જાય. કેમકે દોષ થવાનું એક જ કારણ છે કે, પોતાના નિર્દોષ સ્વરૂપનું બેભાનપણું હોવાને લીધે જીવ ક્યારે ક્યો દોષ કરશે, એનો કોઈ નિયમ રહેશે નહિ. આજે જિનમંદિરમાં જાય છે કાલે એ જ (જીવ) મસ્જીદમાં જતો જોવામાં આવશે ! એને કાંઈ ખબર નહીં પડે. હું ક્યાં જાઉં છું (એ) એને ખબર પડશે નહિ.

આ છાપામાં આવે જ છે ને ! આ તાજીયા કાઢે છે એની નીચેથી જાય છે કે નહિ ? એમાં જૈનો હોય છે. એમાં કહેવાતાં જૈનો હોય છે. તાજીયા લઈને નીકળે છે કે નહિ ? એ મસ્જીદમાં જાય કે તાજીયાની નીચેથી નીકળે, એમાં બીજો ફેર શું રહ્યો ? એ મસ્જીદનો જ આકાર છે, બીજું કાંઈ નથી. પછી આ છાપાવાળાં હોય એ છાપી મારે કે, હિન્દુ-મુસલમાનની ઐક્યતા ! આ ગામમાં હિન્દુ-મુસલમાનની એકતાના દર્શન થતાં હતાં. હિન્દુઓ તાજીયા નીચેથી નીકળે એટલે (એમ લખે). હવે એ એવું શું કરવા લખે છે ? કે, એનું છાપું ખપાવવા માટે. લોકોને સારું લાગે (અને) બે ઘરાક વધારે લઈ જાય. જુઓ ! પૈસા માટે કેટલું અનુમોદન કરે છે !! પોતાના ધંધા માટે એ ધર્મમાં પણ કેવું અનુમોદન કરી લ્યે છે ! એને ખબર નથી કે, ક્યો દોષ થાય છે !! આમ (થાય) છે. ભાન ભૂલેલાને ક્યારે શું થશે એની ખબર જ ન પડે. એ જે સાંસારિક પ્રયોજન છે એ પ્રયોજન માટે જીવ કેટલા પ્રમાણમાં ક્યારે, કેટલો દોષ કરે એનો કોઈ નિયમ રહે નહિ.

આવું ધર્મીને જ્ઞાન થાય છે કે, **"ત્રિકાલીકા અભાન હોનેસે અધર્મીકો પરિણામ માત્રમેં એકત્વ હોતા હૈ,..."** (અર્થાત્) દરેક પરિણામમાં જે કષાય છે-રાગ છે એમાં એકત્વ થાય છે, ત્યાં એને તીવ્ર રસ પડે છે. એકત્વબુદ્ધિને લઈને રાગનો રસ તીવ્ર થાય છે. ધર્મી એનું જ્ઞાન કરે છે. એના બીજા દોષનું જ્ઞાન કરતાં નથી (પણ) આ મૂળ દોષનું જ્ઞાન કરે છે. આ ધર્મીની નજરમાં શું હોય છે (એની વાત છે). આણે આવડો મોટો દોષ કર્યો એને ન જોવે. એ ભાન ભૂલ્યો છે ને ! પછી શું ? ભાન ભૂલ્યા પછી ગમે તે કરે. એને કોઈ નિયમન રહેશે નહિ.

મુમુક્ષુ :- આજે મંદિર બનાવે છે એ કાલે તોડશે !

પૂજ્ય ભાઈશ્રી :- (હા), આજે મંદિર બનાવે છે, કાલે તોડવા માટે તૈયાર થઈ જશે મંદિર ભાંગી નાખશે. વાર નહિ લાગે, પરિણામને ગુંલાટ ખાતા વાર લાગશે નહિ. એ પરિસ્થિતિ આવી જશે.

મુમુક્ષુ :- દોષના કારણને પકડવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- મૂળને પકડે. મૂળ આ છે – પરિણામમાં એકત્વ કર્યું છે એ મૂળ (કારણ) છે. (કોઈ) એક સમયના જ્ઞાનના ક્ષયોપશમમાં એકત્વ કરે છે, કે (કોઈ) એક સમયની રાગની પર્યાયમાં એકત્વ કરે છે, બન્ને કર્મજનિત પર્યાયમાં એકત્વ કરે છે. બન્ને સરખાં છે. રાગમાં ને કષાયમાં એકત્વ કરે છે એ વધારે ખરાબ ધંધો છે અને એક સમયની ક્ષયોપશમ (જ્ઞાનની પર્યાયમાં) એકત્વ કરે છે એ ઓછો ખરાબ છે, એમ છે નહિ. ઉલટાનો એ કદાચ વધારે ખરાબ છે. (રાગમાં એકત્વ કરવાવાળો એ દોષમાંથી) નીકળશે (પણ) આ (ક્ષયોપશમજ્ઞાનમાં એકત્વ કરવાવાળો) નહીં નીકળે.

ગુરુદેવ શુભ ઉપર કેમ વધારે પ્રહાર કરતાં હતાં ? (કેમકે જીવ) અશુભમાંથી નીકળશે. સામાન્ય બુદ્ધિમાં પણ માણસને ખબર પડે કે અશુભમાં પાપ થાય છે. પણ શુભમાં ધર્મ થાય છે ત્યાંથી નહિ નીકળે.

# ભાવિ યોજના (ઇસવી સન્–૨૦૧૨)

આત્મજ્ઞ સત્પુરુષ પરમ તારણહાર સૌમ્યમૂર્તિ પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૭૯ મી જન્મ જયંતિ આનંદોલ્લાસ પૂર્વક સંપન્ન થઈ. આ પ્રસંગે જિનમંદિરમાં જંબુદ્વિપ વિધાનનું આયોજન કરવામાં આવેલ તથા શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિરમાં તેમના સી.ડી. પ્રવચનો તથા ભક્તિ અને સાંસ્કૃતિ કાર્યક્રમ પણ રાખવામાં આવેલ. સોનગઢ, મુંબઈ, કલકત્તા, આગ્રા, અમદાવાદ ઇત્યાદિ શહેરોથી ઘણા મુમુક્ષુઓએ અહીં આવી લાભ લીધો.

તા. ૩-૧૨-૨૦૧૧ ના દિવસે પૂજ્ય ભાઈશ્રીનું મૂળ વતન, રાણપુર કે જ્યાં તેઓએ લૌકિક શિક્ષા પ્રાપ્ત કરી તે નિશાળમાં તેમના ભવ્ય ચિત્રપટની તથા તેમના જીવન પરિચયની અનાવરણ વિધિ કરી ત્યાં સ્થાપના કરવામાં આવી. શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ દ્વારા પૂજ્ય ભાઈશ્રીના પ્રવચનોના પુસ્તકોનો સેટ સ્વાધ્યાય તથા લાઈબ્રેરી માટે ભેટ આપવામાં આવ્યા. પૂજ્ય ભાઈશ્રીના છ હજાર પ્રવચનોની ડીવીડી, પૂજ્ય ગુરુદેવશ્રીના આઠ હજાર પ્રવચનોની ડીવીડી તથા સાઉન્ડ સિસ્ટમ અને ડીવીડી પ્લેયર પણ ભેટ આપવામાં આવ્યા. સ્કૂલમાં એક બ્લેકબોર્ડ મૂકવામાં આવશે, જેમાં દરરોજ પૂજ્ય ભાઈશ્રીના વચનામૃત લખવામાં આવશે. આ પ્રસંગે જન્મભૂમિ હાઈસ્કુલ દ્વારા અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો અત્યંત આનંદસહિત કર્યા.

પૂજ્ય ભાઈશ્રીના ઉપકારોને હૃદયમાં અંકિત કરી ભેગા થયેલા મુમુક્ષુઓ દ્વારા આવતા વર્ષ દરમ્યાન પૂજ્ય ગુરુદેવના તથા પૂજ્ય ભાઈશ્રીના પ્રવચનોના પુસ્તકો પ્રકાશિત કરવા તેનો નિર્ણય લેવામાં આવ્યો, જે નિમ્ન પ્રકારે છે.

(૧) પૂજ્ય ભાઈશ્રીના શ્રીમદ્ રાજચંદ્ર ગ્રંથ ઉપરના સળંગ પ્રવચનો 'રાજહૃદય'ના પાંચ ભાગ પ્રકાશિત થઈ ચૂક્યા છે. હવે પછી આગામી જન્મ જયતિ સુધીમાં ભાગ–૬ તથા ભાગ–૭ પ્રકાશિત કરવા.

(૨) પૂજ્ય ભાઈશ્રીના બહેનશ્રીનાં વચનામૃત ગ્રંથ ઉપરના સળંગ પ્રવચનો 'અધ્યાત્મસુધા'ના પણ પાંચ ભાગ પ્રકાશિત થઈ ગયા છે. હવે પછી આગામી જન્મ જયતિ સુધીમાં ભાગ–૬ તથા ભાગ–૭ પ્રકાશિત કરવા.

જેમાં અધ્યાત્મ સુધા ભાગ–૬નું પ્રુફનું કાર્ય ચાલી રહ્યું છે. તથા રાજ હૃદય ભાગ–૬ નું સંપાદન કાર્ય ચાલી રહ્યું છે. કુલ નવ ભાગ સુધીની મેટર કમ્પ્યુટરમાં નખાઈ ગઈ છે અને આગળના ભાગોની મેટર નાખવાનું કાર્ય ચાલી રહ્યું છે.

(૩) પૂજ્ય સોગાનીજીની જન્મ શતાબ્દી વર્ષ અંતર્ગત પૂર્ણાહૂતિ પ્રસંગે મે મહિનામાં ગુરુ-ગિરા ગૌરવનો ચોથો ભાગ પ્રકાશિત કરવો તથા પૂજ્ય સોગાનીજીની જીવનગાથા ઉપર સંક્ષિપ્ત ડોક્યુમેન્ટ્રી ફિલ્મ તૈયાર કરવી.

(૪) પૂજ્ય ભાઈશ્રીની ભાવના હતી કે પરમાત્મ પ્રકાશ ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો છપાય. તદ્નુસાર વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર દ્વારા આ પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના છે, જેનો પ્રથમ ભાગ પૂજ્ય ગુરુદેવશ્રીની આગામી જન્મ જયંતિ પ્રસંગે પ્રકાશિત કરવાની ભાવના છે.

(૫) પૂજ્ય ભાઈશ્રીના અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપરના બધા જ પ્રવચનો કમ્પ્યુટરમાં ફીડ થઈ ગયા છે. જે આગામી વર્ષમાં પરિસ્થિતિ અનુસાર પ્રકાશિત કરવામાં આવી શકશે.

(૬) શશીપ્રભુ સાધના-સ્મૃતિ મંદિરમાં સ્થાપિત કરવા આવનાર આરસના પાટિયા ઉપર તેમના વચનામૃતોને ઉત્કીર્ણ કરવાનું કાર્ય ટુંક સમયમાં શરૂ થશે. તથા સાઉન્ડ સિસ્ટમ અને લાઈટીંગની સમુચિત વ્યવસ્થા કરવામાં આવશે.

(૭) પૂજ્ય ભાઈશ્રીના બધા જ પ્રવચનો કમ્પ્યુટરમાં ફીડ થઈ જાય એવી ભાવના સર્વ મુમુક્ષુઓએ વ્યક્ત કરી. તથા વેબ સાઈટ ઉપર તેમના છ હજાર પ્રવચનોને મુકવા અંગે પણ વિચારણા ચાલી રહી છે. આ બાબતે મુમુક્ષુઓનું ટેકનીકલ માર્ગદર્શન તથા સહકાર આવકાર્ય છે. આ બાબત અંગે વિચારણા કરવા શ્રી મિતેષભાઈ શાહ, ભાવનગરનો (૦૯૫૮૬૦૧૫૯૯૯) સંપર્ક કરવો.

(૮) પૂજ્ય ભાઈશ્રીના ઓડિયો પ્રવચનોમાં ઘણા પ્રવચનોમાં અવાજ બરાબર નથી. વર્તમાન ટેકનોલોજીનો ઉપયોગ કરી અવાજની ગુણવત્તા વધે તો સર્વ મુમુક્ષુ ભાઈ, બહેનોને લાભનું કારણ થાય. તેથી આ બાબતે જે કોઈ મુમુક્ષુભાઈ, બહેનોને આ બાબતની જાણકારી હોય અને જવાબદારીપૂર્વક આ કાર્ય સંભાળવાની ભાવના રાખતા હોય તો તેઓએ શ્રી મિતેષભાઈ શાહ, ભાવનગરનો સંપર્ક કરી માર્ગદર્શન આપવા વિનંતી છે.

ટ્રસ્ટીગણ, શ્રી સત્શ્રુત પ્રભાવના ટ્રસ્ટ, ભાવનગર

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા



પ્રશ્ન :– અમારે આત્માની સ્વાનુભૂતિ પ્રગટ કરવા માટે શું કરવું ?

સમાધાન :– સ્વાનુભૂતિ, નિર્વિકલ્પદશા પ્રગટે ત્યારે થાય છે. તે પહેલાં હું જ્ઞાયક છું,... જ્ઞાયક છું એમ વારંવાર જ્ઞાનમાં રટણ કર્યા કરવું. આ વિકલ્પ આવે તે મારું સ્વરૂપ નથી. વિકલ્પથી પણ હું જુદો છું; જે મંદ કે તીવ્ર વિભાવો આવે તે બધાથી જુદો હું ચૈતન્ય છું, એમ વારંવાર તેની મહિમા–લગની, તેનું અંતરમાં રટણ રહેવું જોઈએ. હું જ્ઞાયક છું; હું વિકલ્પ વગરનો–નિર્વિકલ્પ તત્ત્વ છું, વિકલ્પ છૂટી જાય તો હું કાંઈ શૂન્ય નથી થઈ જતો, પણ અંતરમાં જે ભરેલું છે તે પ્રગટ થાય છે. મારામાં એટલે જ્ઞાયક માત્ર આત્મામાં બધું પૂરેપૂરું છે. તેમ વારંવાર તેની ભાવના–રટણ–વાંચન કરવા જેવું છે. જ્ઞાયકના આંગણે ટહેલ મારવા જેવી છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૫૬)**

પ્રશ્ન :– વાંચન-વિચાર કરતાં ભેદના રસ્તે ચડી જવાય છે, અનાદિની ટેવ છે ને ?

સમાધાન :– ભેદના રસ્તે ચડી જવાય તો વારંવાર લક્ષ પોતા તરફ કર્યા કરવું. જ્યાં સુધી અંતરમાં લીન નથી થયો, અંતરમાં દૃષ્ટિ નથી ગઈ ત્યાં સુધી વિકલ્પ ક્યાંક ને ક્યાંક તો ફર્યા કરે છે, બહારમાં ક્યાંક ઊભો તો રહે છે પણ તેણે શ્રદ્ધા અને રુચિ તે તરફ રાખવી કે જ્ઞાયકમાં બધું છે, આ બધામાં રોકાવા જેવું નથી. જ્ઞાયકમાં રહી શકતો નથી એટલે બધું આવ્યા વગર રહેતું નથી–વચ્ચે આવે છે, પણ શ્રદ્ધા તો જ્ઞાયકની જ રાખવી કે નિર્વિકલ્પ શુદ્ધાત્મતત્ત્વ તે જ હું છું.

**(સ્વાનુભૂતિદર્શન-૨૫૭)**

પ્રશ્ન :– મારામાં બધું જ છે, પણ કોણ જાણે વિશ્વાસ આવતો નથી. બહારમાં ઝવેરાત વગેરે બધાનો વિશ્વાસ આવે છે !

સમાધાન :– બહારનું બધું દેખાય છે. આ દેખાતું નથી એટલે વિશ્વાસ આવતો નથી, પણ પોતામાં બધું છે. ગુરુદેવ કહે છે અને પોતે પણ વિચાર કરીને નક્કી કરે કે જ્ઞાયકમાં જ બધું ભરેલું છે. ગુરુદેવ કહેતા હતા કે લીંડીપીપર ઘસતાં-ઘસતાં તેમાંથી તીખાશ પ્રગટ થાય છે. તેમ જ્ઞાયક છું–જ્ઞાયક છું, તેમાં જ બધું ભરેલું છે ને તેમાંથી સ્વભાવ પ્રગટ થાય છે–એમ નક્કી કરવું.

જેમ છાશને વારંવાર વલોવ્યા કરે તો માખણ જુદું પડે છે, તેમ વારંવાર ભેદજ્ઞાન કરવાથી–વારંવાર હું જુદો છું એમ જ્ઞાનમાં અભ્યાસ કરે તો, જુદો છે. તે પ્રગટપણે જુદો પડે છે. **(સ્વાનુભૂતિદર્શન-૨૫૮)**

## નવીન પ્રકાશન

પૂજ્ય ભાઈશ્રીની જન્મજયંતિ પ્રસંગ ઉપર રાજહૃદય ભાગ-૫ (ગુજરાતી) પ્રકાશિત કરવામાં આવ્યો છે. વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર દ્વારા ટૂંક સમયમાં 'બહેનશ્રીના વચનામૃત' ગ્રંથ ઉપર ચાલેલા પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો 'અધ્યાત્મસુધા ભાગ-૬' તથા 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર ચાલેલા સળંગ પ્રવચનો 'રાજહૃદય ભાગ-૬' ટૂંક સમયમાં પ્રકાશિત કરવાની ભાવના છે.

## ૩૩૯




મુંબઈ, ફાગણ સુદ ૧૪, ૧૯૪૮

**કોઈનો દોષ નથી, અમે કર્મ બાંધ્યાં માટે અમારો દોષ છે.**

જ્યોતિષની આમ્નાય સંબંધી કેટલીક વિગત લખી તે વાંચી છે. ઘણો ભાગ તેનો જાણવામાં છે. તથાપિ ચિત્ત તેમાં જરાય પ્રવેશ કરી શકતું નથી, અને તે વિષેનું વાંચવું, સાંભળવું કદાપિ ચમત્કારિક હોય, તોપણ બોજારૂપ લાગે છે. થોડી પણ તેમાં રુચિ રહી નથી.

અમને તો માત્ર અપૂર્વ એવા સત્‌ના જ્ઞાન વિષે જ રુચિ રહે છે. બીજાું જે કંઈ કરવામાં આવે છે, કે અનુસરવામાં આવે છે, તે બધું આસપાસનાં બંધનને લઈને કરવામાં આવે છે.

હાલ જે કંઈ વ્યવહાર કરીએ છીએ, તેમાં દેહ અને મનને બાહ્ય ઉપયોગ વર્તાવો પડે છે. આત્મા તેમાં વર્તતો નથી. ક્વચિત્ પૂર્વકર્માનુસાર વર્તાવું પડે છે તેથી અત્યંત આકુળતા આવી જાય છે. જે કંઈ પૂર્વે નિબંધન કરવામાં આવ્યાં છે, તે કર્મો નિવૃત્ત થવા અર્થે, ભોગવી લેવા અર્થે, થોડા કાળમાં ભોગવી લેવાને અર્થે, આ વેપાર નામનું વ્યાવહારિક કામ બીજાને અર્થે સેવીએ છીએ.

હાલ જે કરીએ છીએ તે વેપાર વિષે મને વિચાર આવ્યા કરેલ, અને ત્યાર પછી અનુક્રમે તે કામની શરૂઆત થઈ ત્યારથી તે અત્યાર સુધીમાં કામની દિન પ્રતિદિન કંઈ વૃદ્ધિ થયા કરી છે.

અમે આ કામ પ્રેરેલું માટે તે સંબંધી...બને તેટલું મજૂરી જેવું કામ પણ કર્યાનું રાખ્યું છે. કામની હવે ઘણી હદ વધી ગયેલી હોવાથી નિવૃત્ત થવાની અત્યંત બુદ્ધિ થઈ જાય છે. પણ .. ને દોષબુદ્ધિ આવી જવાનો સંભવ; તે અનંત સંસારનું કારણ ... ને થાય એમ જાણી જેમ બને તેમ ચિત્તનું સમાધાન કરી તે મજૂરી જેવું કામ પણ કર્યા જવું એમ હાલ તો ધાર્યું છે.

આ કામની પ્રવૃત્તિ કરતી વખતે જેટલી અમારી ઉદાસીન દશા હતી તેથી આજ વિશેષ છે. અને તેથી અમે ઘણું કરીને તેમની વૃત્તિને ન અનુસરી શકીએ એવું છે; તથાપિ જેટલું બન્યું છે તેટલું અનુસરણ તો જેમ તેમ ચિત્ત સમાધાન કરી રાખ્યા કર્યું છે.

કોઈ પણ જીવ પરમાર્થને ઇચ્છે અને વ્યાવહારિક સંગમાં પ્રીતિ રાખે, ને પરમાર્થ પ્રાપ્ત થાય એમ તો કોઈ કાળે બને જ નહીં. આ કામની નિવૃત્તિ પૂર્વકર્મ જોતાં તો હાલ થાય તેવું દેખાતું નથી.

આ કામ પછી 'ત્યાગ' એવું અમે તો જ્ઞાનમાં જોયું હતું; અને હાલ આવું સ્વરૂપ દેખાય છે, એટલી આશ્ચર્યવાર્તા છે. અમારી વૃત્તિને પરમાર્થ આડે અવકાશ નથી, તેમ છતાં ઘણો ખરો કાળ આ કામમાં ગાળીએ છીએ; અને તેનું કારણ માત્ર તેમને દોષબુદ્ધિ ન આવે એટલું જ છે; તથાપિ અમારી વર્તના જ એવી છે, કે જીવ તેનો જો ખ્યાલ ન કરી શકે તો તેટલું કામ કરતાં છતાં પણ દોષબુદ્ધિ જ રહ્યા કરે.